# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

## CDO PRAKASH SAMIKSHA

FORTNIGHTLY

Since 1925...

સળંગ વર્ષ ૯૫મું

VOLUME : 23 • ISSUE : 10 • PAGES : 28 • MUMBAI • DATE : 20TH DECEMBER 2020 • YEARLY SUBSCRIPTION RS. 50/-

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

## શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ સંઘ (મહાજન)
## દિપાવલી મિલન કાર્યક્રમ સહ વિદ્યાર્થી અભિવાદન સમારોહ તા. ૨૨-૧૧-૨૦૨૦



સ્વ. સૌ. ગીતાબેન હરીશ લોડાયા મેડિકલ સહાય યોજના પરિવારનું બહુમાન અનુમોદના કરતા



વિશિષ્ટ બહુમાન શ્રી ધવલ મહેંદ્ર લોડાયા (તેરા-રાયપુર)



મેડિકલ સહાય યોજના દાતા પરિવારનું બહુમાન



વિશિષ્ટ બહુમાન પ્રિયા પ્રવીણ મૈશેરી (નાની સિંધોડી-રાયપુર) બહુમાન સ્વીકારતા સૌ. પ્રીતી પ્રવીણ મૈશેરી



ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ સૌ. રૂહી ધવલ લોડાયા (તેરા-રાયપુર)નું બહુમાન



શ્રી ખીમજીભાઇ મોતા અતિથિનું બહુમાન સ્વીકારતા શ્રી ઉત્તમભાઇ મૈશેરી



મેડિકલ સહાય યોજના દાતા પરિવાર



અતિથિ વડિલ શ્રી મોતીચંદભાઇ કરમશી શિયાડનું બહુમાન

।। શ્રી આદિનાથાય નમો નમ:



# શ્રી કચ્છી દશા ઓશવાલ સાંયરા જૈન મહાજન ટ્રસ્ટ



કચ્છ સાંયરા, પોસ્ટ કોઠારા, તા. અબડાસા, કચ્છ - ૩૭૦ ૬૪૫. ● ફોન: ૯૮૨૦૪ ૩૮૭૮૪ / ૯૯૦૪૯ ૭૨૪૦૩

# શોકસંદેશ



## સાંયરારત્ન શેઠશ્રી વિનોદચંદ્ર રાયચંદ મોમાયા

જન્મ : તા. ૧૯-૧૨-૧૯૩૪
અરિહંતશરણ : ૩૧-૧૦-૨૦૨૦ ઉ.વ. ૮૬
સાંયરા - નરીમન પોઈન્ટ

**માતુશ્રી માનબાઈ રાયચંદ મોમાયા સમસ્ત પરિવાર તથા શોકગ્રસ્ત કુટુંબીજનો જોગ...**

શનિવાર, તા. ૩૧-૦૧૦-૨૦૨૦ શ્રી કચ્છી દશા ઓસવાલ સાંયરા જૈન મહાજનના પ્રમુખ શેઠશ્રી વિનોદચંદ્ર રાયચંદ મોમાયાની પંચગણી-મહાબળેશ્વર મુકામે થયેલ વિદાય સૌ સાંયરાવાસીઓ અને સંલગ્ન સંસ્થાઓ માટે કાળજું કંપાવનારી બની રહી. આપ એમની શીતળ છાયા ગુમાવી બેઠા અને અમે એક સ્નેહમૂર્તિનો વાત્સલ્યભર્યો સાથ-સંગાથ ગુમાવ્યો. વિધાતાના આ ક્રૂર નિર્ણય અને કાળની ક્રૂરતાએ બધાને અવાક કરી દીધા. આંખના પલકારામાં આંખ સામેની સજીવ મૂર્તિ માટીમાં મળી ગઈ. આશા અને અરમાનોના અનેકવિધ શમણાઓને અધૂરાં મૂકી અલ્પવયે એમણે વિદાય લીધી. આ વિનમ્ર ભેખધારીના નિધનથી પરિવાર નિરધાર અને નિર્ધન બની ગયો છે. અને પાછળ તેઓ છોડી ગયા છે. આપણી આંખે આંસુના તોરણ, વિષાદનો મહાસાગર, ઉદાસીનું એક અનંત આકાશ અને સ્વયંના શુભ જીવનની સુવાસ.

**શ્રી વિનોદચંદ્રભાઈ શ્રી કચ્છી દશા ઓસવાલ સાંયરા મહાજનના ૪૦ થી વધુ વર્ષ પ્રમુખ તરીકે સેવા આપી રહ્યા હતા.** સાંયરા ચેરિટેબલ ટ્રસ્ટના મુખ્ય પ્રણેતા દાતા તેમજ અનેક સામાજીક, શૈક્ષણિક, ધાર્મિક અને વિવિધ સેવાભાવી સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા. તેઓ શ્રી કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિના CAની પ્રથમાવલીમાં અગ્રેસર હતા. તેઓ રોટરી ક્લબના ભુતપૂર્વ પ્રમુખ, આર્ટ અને પેઈટીંગ્સના ચાહક-સંગ્રહક, ઉત્સુક નાવિક તેમજ પરોપકારી-દાનેશ્વરી મુઠ્ઠી ઉંચેરા માનવી, કુટુંબ વાત્સલ્યમૂર્તી હતા.

**ધીરૂભાઈ અંબાની, અઝીમ પ્રેમજી, મુકેશ અંબાની, અનીલ અંબાની, શત્રુઘ્ન સિન્હા, કચ્છના મહારાવ પ્રાગમલ ત્રીજા વિગેરે અનેક મહાનુભાવો સાથે તેમના ઘનિષ્ઠ સંબંધ હતા. સાંયરાના ઉજ્વળ ઈતિહાસમાં એમનું નામ સુવર્ણાક્ષરે લખાશે.**

એમના દેહોત્સર્ગથી આપના કુટુંબ પર આવી પડેલ દુ:ખમાં શ્રી કચ્છી દશા ઓશવાલ સાંયરા જૈન મહાજન અને સર્વે સાંયરાની સંલગ્ન સંસ્થાઓ હાર્દિક દિલસોજી વ્યકત કરે છે. તેઓશ્રી આપણી વચ્ચે સદેહે નથી છતાં પણ અપ્રત્યક્ષ રીતે આપણા સૌના સ્મૃતિપટ પર તે સદાસર્વદા છવાયેલા રહેશે. **જે જન્મ્યું છે એમનું મૃત્યુ નિશ્ચિત છે** એમ મનમાં ધારણ કરી એમની વિદાયનો શોક ન કરશો. જાનેવાલે કભી નહીં આતે, જાનેવાલે કી યાદ આતી હૈ એ ન્યાયે જ્યારે જનારની પાછળ એમની મનગમતી પ્રવૃતિઓ ચાલુ રાખીએ તો સદ્ગતની યાદો અમર બની જાય છે. એમણે દર્શાવેલા પથ પર ચાલવાનો પ્રયત્ન કરીએ અને ધ્યેયને સિદ્ધ કરવાનો પ્રયત્ન કરીએ એજ એમની ખરી શ્રધ્ધાંજલિ હશે. આપ કુટુંબીજનોને તો મોભી અને શિરછત્ર ગુમાવ્યાની ન પૂરી શકાય તેવી ખોટ પડી છે એનું અમને અત્યંત દુ:ખ છે.

**ઈશ્વર કૃપાળુ દેવ એ સદ્ગત આત્માને ચીર શાંતિ સહ મોક્ષ ગતિ પ્રયાણ કરી પરમ પદ આપે એજ સર્વ સાંયરાવાસીઓની આદિનાથ દાદાને પ્રાર્થના.....!**

લિ.
**શ્રી ક.દ.ઓ. સાંયરા જૈન મહાજન ટ્રસ્ટ**
**સાંયરા વિકાસ મંડળ ❖ સાંયરા ચેરીટેબલ ટ્રસ્ટ**
**સાંયરા યુથ ફોરમ ❖ સાંયરા સહિયર**

UPASANA - 98201 67767

**તંત્રી સ્થાનેથી**

# કચ્છડો બારે માસ...
# કચ્છડો ખાસમ્ ખાસ

– ડૉ. હીરાચંદ દંડ - 7738508150



આપણા માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીને કચ્છ પ્રત્યે સવિશેષ લાગણી છે એ તેમના તાજેતરના કચ્છ પ્રવાસમાં પણ આપણે સૌએ અનુભવ્યું. ઈ.સ. ૨૦૦૧ના ભૂકંપ પછી કચ્છના પુનઃર્વસન તથા નવસર્જનમાં તેમની મહત્વપૂર્ણ ભૂમિકા હતી તે સુવિદિત છે. તેઓ ગુજરાત મુખ્યમંત્રી હતા તે દરમ્યાન કચ્છની કાયાપાલટ કરી હતી. નવા રસ્તાઓ, પાયારૂપ સુવિધાઓ, રણોત્સવની ઉજવણી તથા નર્મદાના નીર કચ્છ પહોંચાડીને તેમણે કચ્છને વિશ્વના નકાશામાં સ્થાન અપાવ્યું હતું. ઈ.સ. ૨૦૦૧ પહેલા કચ્છને ઘણા ઓછા ભારતીયો જાણતા હતા આજે દરેક ભારતીય કચ્છને જાણે છે. શ્રી નરેન્દ્રભાઈના માર્ગદર્શન હેઠળ કચ્છ પ્રવાસન સ્થળ તરીકે વિકસિત થયું છે અને વિશ્વ પ્રસિધ્ધ બન્યું છે.

આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમની તાજેતરની કચ્છ મુલાકાત દરમ્યાન ૧) ૭૩૦૦૦ હેક્ટરમાં એનર્જી પાર્ક, ૨) માંડવી તાલુકામાં ડીસેલીનેશન પ્લાન્ટ, ૩) ચાંદ્રાણીમાં દૂધ ડેરી, એમ ત્રણ મોટા પ્રકલ્પોની ભેટ આપી છે જેથી કચ્છમાં રોજગારીની નવી તકો ઉભી થશે તેમજ ધંધા વ્યવસાય પણ વધુ વિકસિત થશે.

વાગડ સમાજ તથા કે.વી.ઓ. સમાજ દ્વારા કચ્છમાં ધંધા વ્યવસાય વધારવા પ્રયાસો હાથ ધરાયા છે તથા તેમના સમાજના લોકોને કચ્છમાં સ્થાયી થવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે, તેવી જ રીતે હવે કે.ડી.ઓ. જ્ઞાતિએ પણ આગળ આવી જ્ઞાતિજનોને કચ્છ તથા વાગડમાં સ્થાયી થવા માર્ગદર્શન તથા પ્રોત્સાહન આપવું જોઈએ જેથી કચ્છમાં ઉભી થનારી નવી તકો ઝડપી શકાય તથા માદરે વતનના વિકાસના ભાગીદાર બની શકાય. સમસ્ત મહાજન તથા કચ્છ એકમે આ દિશામાં વહેલી તકે પહેલ કરી ઉચિત પગલા લેવા જોઈએ.

પ્રકાશ સમીક્ષાના આ અંકમાં શ્રી રમેશભાઈ મુલજી લોડાયાના લેખ 'વતનનો સાદ'માં કચ્છ વિશે વિસ્તૃત માહિતી આપેલ છે જેથી અન્ય વિગતોની ચર્ચા નથી કરતો અને તે લેખ વાંચવા સર્વે વાચકોને વિનંતી કરૂં છું.

મને ખાત્રી છે કે કેડીઓ કચ્છ એકમ આગળ આવી, મોટોભા બની, આ અંગે ચર્ચા વિચાર કરી આપણા જ્ઞાતિજનોને વિકાસના ફળ પ્રાપ્ત થાય એ માટે જરૂર પ્રયત્નો કરશે.

### જાહેરાતદારોને નિવેદન

આપ જ્યારે જાહેરાતની મેટર મોકલાવો ત્યારે તેની સાથે બીલ કોના નામનું જોઈશે તે જણાવશો. સાથે આપનું સરનામું, કોન્ટેન્ટ પર્સનનો મોબાઈલ નંબર અચૂક મોકલવા વિનંતી. પેમેન્ટ મોકલ્યા પછી પેમેન્ટ ટ્રાંજેક્શન સ્લીપ કે પે સ્લીપ સાથે મોબાઈલ નંબર મોકલવા જેથી રકમ આપના ખાતામાં જમા લઈ શકાય.

### Note to Advertisers

Please send billing Name, Address and Contact Person Name & Mobile No for Advt. with matter.

After made payment of the Advt. send the payment transaction slip or pay slip with your name & contact No. For Accounting Process.

### સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા વિનંતી છે. આપના સહકારની આશા છે.

## આદ્યતંત્રીઓ

**"પ્રકાશ"**
ડૉ. વેલજી પાર્શ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ
રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**
ડૉ. હીરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના   ઉદયન લાલજી લોડાયા
મુકેશ ભવાનજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : ડૉ. હીરાચંદ દામજી દંડ
માનદ્મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર

**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા   કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)   પંકજ પ્રતાપ શાહ
કેશરસિંહ આણંદજી ખોના   શૈલેશ સનત્ શાહ
તિલકચંદ કુંવરજી લોડાયા   જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા

**: ઑડીટર્સ :**
CA હિતેશ મણીકાંત ધરમશી



**વૉલ્યુમ : ૨૩, અંક : ૧૦, તા. ૨૦-૧૨-૨૦૨૦**



**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. CHINTAN GRAPHICS**
Dr. Babasaheb Ambedkar Chowk,
90ft Garage Lane, Opp. Shastri Nagar,
Pant Nagar, Ghatkopar (E), Mumbai - 400075.
Tel.: 022-2508 4463 / 64 / 65
E-mail : kdoprakash@gmail.com

સમય : સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ ફક્ત
રવિવાર અને જાહેર રજાના બંધ

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463 / 2508 4464 / 2508 4465**
**Mob.: 98211 54326**


**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

### પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

# ''જૈન ધર્મ મારી દ્રષ્ટિએ...'' મણકો-૨૪

લેખક : સોમ ધરમશીં, મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭



(ગતાંકથી ચાલુ...)

ગતાંકમાં સામાયિકની જરૂર પુરતી ચર્ચા કર્યા બાદ હવે આપણે બીજા આવશ્યક તરફ દ્રષ્ટિપાત કરીએ.

''उसहादिजिणवराणं, णामणिरुत्तिं गुणाणुकित्तिं च ।
काउण अच्चिदूण य, तिसुद्धिपणामो थवो णेओ ।।''

ઉપરોક્ત ગાથાનો સામાન્ય ભાષામાં અર્થ થાય કે ઋષભ આદિ ચોવીશ જિનોના નામ ઉચ્ચારવાં, તેમના ગુણોનું કીર્તન કરવું, ઉચિત પદાર્થોથી તેમની પૂજા કરવી અને મન-વચન-કાયાની શુદ્ધિ સહિત વંદન કરવા એ ચતુર્વિંશતિસ્તવ નામનું બીજું આવશ્યક છે.

**ચતુર્વિંશતિસ્તવ :-** ૨૪ તીર્થંકરોની સ્તુતિ. સાવદ્યયોગથી અર્થાત્ પાપકારી પ્રવૃત્તિથી નિવૃત્ત થયેલો સાધક, સમભાવને ટકાવી રાખવા માટે તીર્થંકરોનું આલંબન સ્વીકારી અપૂર્વ ઉલ્લાસભાવે તેમની સ્તુતિ, ભક્તિ કરે છે. પૂર્ણ સમભાવને વરેલા તીર્થંકરના અનંત ગુણોનું સ્વમાં પ્રગટીકરણ અર્થે બીજું આવશ્યક ચતુર્વિંશતિસ્તવ છે. તીર્થંકર પરમાત્માની સ્તુતિ-ભક્તિ કરવાથી સાધકની શ્રદ્ધા દૃઢ થાય છે અને ભક્તના અંતરંગમાં આધ્યાત્મિક બળનો સંચાર થાય છે અને એના સહારે તે સાધના પથમાં ગતિ કરી શકે છે.

**લોગસ્સ :-** બીજા આવશ્યકમાં ૨૪ તીર્થંકરોની સ્તુતિરૂપ 'લોગસ્સ'નો પાઠ છે. તેમાં ૨૪ તીર્થંકરોના નામસ્મરણરૂપ સ્તુતિ છે. તીર્થંકરોના પવિત્ર નામસ્મરણ તેમના અનંત ગુણોની સ્મૃતિ કરાવે છે.

ઉપરના ફકરાઓ માંથી પસાર થતા, સમભાવને ટકાવી રાખવા માટે પ્રથમ શરત છે કે સાધક પાપકારી પ્રવૃત્તિથી નિવૃત થયેલો હોવો જોઈએ અને તેણે તીર્થંકરોનું આલંબન ઉલ્લાસ ભાવે સ્વીકારેલું હોવું જોઈએ. પ્રતિક્રમણ કરતા તેથી જ અઢાર પાપસ્થાનકોને યાદ કરી તેમાંથી કોઈ એક પણ પાપસ્થાનક આલોવાયું હોય તો મન-વચન અને કાયાથી આપણે મિચ્છામિ દુક્કડમ માંગીએ છીએ.

આગળ ત્રીજા આવશ્યક એટલે કે ગુરુવંદના તરફ વળીએ તે પહેલા ''સમણસુત્તં'' જે પુસ્તકના આધારે આ લેખો તૈયાર કરી રહ્યો છું તેના વિષે થોડુ જાણીએ.

**સમણસુત્તં પુસ્તકની પ્રાપ્તિ :-**

૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના દિવસે જ્યારે સમગ્ર કચ્છ અને ગુજરાતે ગોઝારો ધરતીકંપ અનુભવ્યો તે દિવસે અમારા ગામના દેરાસરજીના લગભગ બધા જ ટ્રસ્ટીઓ નવા ઉપાશ્રયની ચર્ચા માટે મંજલમાં હાજર હતા. અમે અમારી નજરે ધરતીકંપને અનુભવ્યો હતો. ધરતીકંપની તારાજી જોઈ કચ્છમાં જ રોકાઈ સેવા કરવાની મારી અદમ્ય ઈચ્છા હતી. પણ સાથેના ટ્રસ્ટીઓએ તે ઘડીએ મને પણ મુંબઈ લઈ જવાનું મુનાસિફ માન્યું.

૨૦૦૩માં જ્યારે મેં કચ્છ મંજલ રેલડીયામાં સ્થાઈ થવાનો વિચાર કરેલ ત્યારે જે કંપની માંથી (ટ્રાન્સપેક ઈન્ડસ્ટીઝ લી. વડોદરા) હું નિવૃત થયેલ તેના ડાયરેક્ટરશ્રી અતુલભાઈ શ્રોફે મારા વિદાય સમારોહ પછી મને પ્રશ્ન પૂછેલ ''નિવૃત્તિમાં શું કરવાનો વિચાર છે ?'' મારો જવાબ હતો ''ખાસ કાંઈ નહીં, પણ જિંદગીના કેટલાક શોખ અધુરા રહી ગયા છે. ત્રણ મહિના મારા ગામમાં આરામ કરીશ એટલે થોડી યોગ-સાધના, થોડું વાંચન અને આસપાસ છવાયેલી કુદરતની છટાઓનું આકંઠ પાન કરીશ. ત્યાર બાદ મન કહે, તન કરાવે તેવું કાંઈક આચરણમાં મુકીશ. કોઈક સેવા ભાવિ સંસ્થા સાથે જોડાઈ કચ્છના નવસર્જનમાં અર્પિત થઈશ.''

તેમણે મને તેમના જ ગ્રુપના વરિષ્ઠ માનનીય શ્રી કાંતીસેન શ્રોફ જેમને આખુ કચ્છ ''કાકા''ના હુલામણા નામથી ઓળખે છે. તેમના પર ભલામણ ચિઠ્ઠી આપી. પુ. કાંતીકાકા તે વખતે લગભગ ૮૦ વર્ષની ઉંમરના હતા, પણ ટટાર ચાલતા, ટટાર બેસતા તથા તેમની ઓફિસમાં નજર કરતા સામાજિક સેવામાં અતિવ્યસ્ત એવી વ્યક્તિના દર્શન થયા. (અહીં એમના વિષે વધુ લખતો નથી, પણ અતિતની અટારી કોલમમાં આ વ્યક્તિત્વને નિખારવાનો પ્રયોજન કરીશ.)

મારા નસીબમાં કાંઈક જુદુ જ લખાયેલું હશે એટલે Socio-religious - વિરાયત (રાજગીર બિહારની) સંસ્થાના એક સાધ્વીજી પુ. વિભાજી માતાજીનો ટ્રેનમાં પરિચય થયો. તેમના આગ્રહથી વિરાયત વિદ્યાપીઠ-ભુજ, કચ્છના આંગણે આવીને તારીખ ૨૩મી માર્ચ ૨૦૦૩ના ઉભો રહ્યો. ધરતીકંપમાં માતા-પિતાથી વિખુટા પડેલા બાળકોને પોતાની ગોદમાં સમાવી લેતી આ સંસ્થા પ્રથમ નજરે જ ગમી ગઈ. (વધુ આવતા અંકે...)

**અતીતની અટારીએથી**

# "ઘડિયાલ ગોદીથી કચ્છ-માંડવીની દરિયાઈ સફર (૯)"


**સોમ ધરમશી**

મો. 97267 76627




(ગતાંકથી ચાલુ...)

સ્ટીમર ઉપર ત્રણના ડંકા પડ્યા. "મોટી" પોતાની વાર્તાની ચોપડી વાંચવામાં મશગુલ હતી. ત્યાં ચંદને મને મારા રાજ્યની સીમા વટાવી તેના રાજ્યમાં પ્રવેશવા ઈશારો કર્યો. મેં સહર્ષ વધાવી લીધો. સમય પસાર કરવા માટે તે સાપસીડી, લુડો, વેપાર જેવી રમતો સાથે લાવી હતી. તેણે રમવાના પાસા કાઢ્યા અને રમતનો તખ્તો ગોઠલાઈ ગયો. અમે બંને રમવામાં મશગુલ થઈ ગયા. સાપસીડી રમતાં-રમતાં મારી કુકરી ૯૭નાં અંકમાં પહોંચી ગઈ. ચંદનની કુકરી તો હજી ૬૭નો આંકડો વટાવી રહી હતી. હું અતિ ઉત્સાહમાં હતો અને જો ૩નો આંકડો પડે તો હું રમત જીતી જાઉં એમ હતું. મેં પાસાને મારા મોઢા પાસે લાવી "અગડમ-બગડમ મહાકાલી તેરા દાવ ન જાય ખાલી તીન કા નંબર દે દે"નો મંત્ર ભણી પાસા ફેક્યા અને અંક પડ્યો ૧નો. ૯૮ના ખાનામાં અજગર મો ફાડી બેઠો હતો. સડસડાટ મારે ૫ ના ખાનામાં આવવું પડ્યું. મારા મુખ ઉપર નિરાશાનું વાદળ ઘેરાઈ ગયું. ત્યાંજ ચંદને મારી પીઠ ઉપર હાથ ફેરવતા કહ્યું "કાંઈ નહીં- ચાલ આપણે લુડોની રમત રમીએ." ચંદનનો એ પ્રથમ સ્પર્શ મારા માનસપટ પર હજી પણ અકબંધ છે. અમારી રમત ધીમે ધીમે આગળ વધી રહી હતી. ક્યારેક હું આગળ તો ક્યારેક ચંદનના પોબાર પડતા પાસાથી ચંદન આગળ. ત્યાંજ....

દૂર દૂરથી ચાય ગરમનું આહ્‌વાન કરતા અવાજો સંભળાવવા લાગ્યા. કેટલાક ચા રસીયા કુંભકર્ણોની ઉંઘ ઉડાવવા માટે તે પુરતા હતા. ઘણા લોકો આળસ મરડી ટટાર થઈ ચા ની તલપને સતેજ કરી ચાવાળાની રાહ જોવા લાગ્યા.

મારા માતૃશ્રીએ ઘરેથી બનાવેલ ચા નો થર્મોસ ખોલ્યો. અમે જૈન હતા તેથી વગર ગાળેલા પાણીની સ્ટીમરની કેન્ટીને બનાવેલી ચા કેમ પીવાય તેથી ઘરેથી જ થર્મોસ ભરી ચા ની વ્યવસ્થા કરી હતી. તેમણે આજુ-બાજુનાં લોકોમાં મસાલાવાળી ચા નું વિતરણ શરૂ કરી દીધું. કેટલાક લોકોના મનમાં શંકા હતી કે આ સ્ટીમર વાળા કદાચ દરિયાના પાણીની જ ચા નહીં બનાવતા હોય ને ?

ચા નો ઘુટડો ભરતાં ભરતાં હું દૂર સુધી આખી સ્ટીમરને મારી આંખોથી માપવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. ત્યાં તો કંટાળેલી ચંદને પ્રસ્તાવ મુક્યો "ચાલો આપણે સ્ટીમર પર પગ છુટા કરી આવીએ. મારી સાથે આવે છે ?" મને તો ભાવતુ હતું અને વૈદે બતાવ્યું. મોટી બહેન પોતાની વાર્તાની ચોપડીમાં મશગુલ હતી. અમારી સાથે આવવાની તેણે નારાજગી દર્શાવી. હું મારા નાનકડા બુટ પહેરી, માથામાં કાંસકો ફેરવી માતાજીની આજ્ઞા માટે આજીજી ભરી નજરેથી તેમના તરફ જોવા લાગ્યો અને માતાજીએ ચંદનને કહ્યું "તોફાની બારકસ આય. સંભારીને વેનજા." અને મને હુકમ કર્યો "ચંદન જો હથ છડીજ મ."

સ્ટીમર સારી એવી વિશાળ અને તોતીંગ હતી. ચંદને આ સફરની પહેલા બે-ચાર વખત સ્ટીમરની મુસાફરી કરી હોવાથી તેને સ્ટીમરનું ભૌગોલિક જ્ઞાન હતું. સૌથી પહેલા તેણે મને સ્ટીમરના બોઈલર હાઉસનાં દર્શન કરાવ્યાં.

અમારી આ સ્ટીમર બોઈલર હાઉસમાં ઉત્પન થતી વરાળથી ચાલતી હતી. કોલસાનો મોટો જથ્થો સ્ટીમરના પેટાળમાં પડ્યો હતો. બે તગડા માણસો વારાફરતી બોઈલરમાં પાવડાથી કોલસા નાખતા હતાં. વરાળથી એક મોટું ચક્ર ચાલતું હતું અને ચંદને સમજાવ્યું કે આ મોટા ચક્રને કારણે આપણી સ્ટીમર આગળ વધી રહી છે.

ધીમે ધીમે ડેક ઉપર બેઠેલા માણસો વચ્ચેથી રસ્તો કાઢી અમારી સવારી આગળ નિકળી. વચ્ચે સ્ટીમરની કેન્ટીન આવી અને ત્યાં મહમદઅલી રોડ પરની હોટલમાં મળતા પટ્ટી સમોસાની સુંગધ. હું ચંદનને વિનંતી કરું કે આપણે સમોસા લઈએ તે પહેલાં એ સ્ટીમરના છેવાડેના ભાગ તરફ કંઈક અવનવું દેખાડવાની લાલચ આપી ને ખેંચી ગઈ.


**હું આભારી છું :-**

આ લેખની તૈયારી કરતાં-કરતાં મને શ્રીમતી મધુરીબેન કિશોરભાઈ વિકમસીનો (જખૌ-વડાલા) ફોન આવ્યો. તેમણે અંદાજે ૫થી૭ વર્ષની ઉંમરે, ઈ.સ. ૧૯૫૪ની આસપાસ અન્ય બે સ્ત્રીઓ સાથે મુંબઈથી માંડવીની સફરના યાદગાર સંભારણા તાજા કરાવ્યા. તેઓશ્રી રોટરીની અન્ય શાખા ઈનરવ્હીલના સક્રિય સદસ્ય છે.


(વધુ આવતા અંકે...)

विचार वर्तुळ

વિચાર
વર્તુળ

# વતનનો સાદ

**રમેશ મુલજી લોડાયા,** ભરૂડિયા-મુલુંડ
મો.: **98203 36767**



એક તરફ કોરોના મહામારી અને બીજી તરફ બેકારીએ ગરીબ અને મધ્યમવર્ગની આર્થિક કમર તોડી નાખી છે, તો શ્રીમંત વર્ગ પણ આમાંથી બાકાત નથી રહ્યો. જો કે લોકડાઉન નિયંત્રણો ધીમે ધીમે હળવા બની રહ્યા છે પરંતુ હજુ આ ભય દૂર નથી થયો. આપણે હવે કોરોના વચ્ચે જીવતા શીખવાનું રહ્યું. શહેરે અરમાનો પુરા કરવા ગામડાના લોકોને આકર્ષ્યા પરંતુ આપણા કેટલા અરમાનો પુરા થયા ? આપણાં દેશમાં ૨૫ ટકાથી વધુ લોકો પોતાનું વતન છોડી શહેરમાં વસ્યા છે અને આપણી જ્ઞાતિમાં તો આ આંકડો ઘણો વધારે છે. નીચલા વર્ગના લોકો માટે સવાલ છે કે શહેરમાં આવી આપત્તિ વેળાએ કેમ ટકી રહેવું ?

આપત્તિ વેળાએ આપણી સંસ્થાઓ અને શ્રેષ્ઠીઓએ મદદનો હાથ જરૂર લંબાવ્યો છે પરંતુ શું તે પ્રશ્નનું નિવારણ છે ? આપત્તિમાં નાની મોટી સહાયથી પ્રશ્ન હલ નહીં થાય. લોકો પરાવલંબી બનશે. જરૂર છે ચોક્કસ ધ્યેય સાથે નક્કર આયોજન અને આપત્તિને અવસરમાં બદલવાની.

એક સમયે કુદરતની કૃપાથી વંચિત રહેલ કચ્છ-હાલાર, નહિવત ખેતીવાડી અને રોજગાર-ઉદ્યોગથી ઉપેક્ષિત હતા અને પોતાનું અસ્તિત્વ ટકાવવા વડિલોને કચ્છ-હાલાર છોડી મુંબઇ કે દેશાવરમાં વસવાટ કરવાની જરૂર પડી. પરંતુ આજે સમય અને સંજોગો બદલાયા છે.

કચ્છ અને હાલાર ગ્રામિણ વિસ્તારમાં વાહન વ્યવહાર, આરોગ્ય સગવડ, શિક્ષણ, મનોરંજન તેમજ રોજગારી, નાના મોટા ઉદ્યોગો-વ્યવસાય સુગમ બન્યા છે. ગ્રામિણ વિભાગમાં આજિવિકાની તકોને વેગવાન કરવા કેન્દ્ર અને રાજ્ય સરકારો ગરીબ કલ્યાણ રોજગાર અભિયાન ચલાવી રહી છે. સસ્તું ધિરાણ, સબસીડી, ટેક્સ માફી, વ્યવસાયિક પ્રશિક્ષણ જેવા અનેક પ્રયાસો સરકારો કરી રહી છે. જરૂર છે આપણાં નબળા, અશિક્ષિત કે અલ્પશિક્ષિત પરિવારોને પ્રોત્સાહન આપી ગામડે સ્થિર કરવાની. જો કે હવે વતનમાં શિક્ષિત લોકો માટે પણ ઘણી તકો છે.

આપણાં સમાજમાં ખુમારી અને સાહસિકતા તો ભારોભાર છે, જરૂર છે તેને જાગૃત કરી સારા ભવિષ્યની ખાત્રી કરાવવાની. શરૂઆતમાં ત્યાં સ્થિર થવામાં જરૂર તકલીફો નડશે. શરૂઆતના આ તબક્કામાં જરૂરી મદદ અને પ્રોત્સાહન સમાજે આપવું પડશે જે આ દાનવીર સમાજ માટે મુશ્કેલ નથી.

કચ્છ-હાલારના ઇતિહાસમાં કદાચ ન થયો હોય એટલો વિકાસ છેલ્લા બે દાયકામાં થયો છે. ભૂકંપ પછી થયેલ ઔદ્યોગિકરણે આ વિભાગની તાસીર બદલી નાખી છે. એક સમયે બંજર ગણાતી ખેતીની જમીનના ભાવોમાં અસાધારણ ઉછાળો આવ્યો છે. રોજગારી અને નાના વ્યવસાય-ઉદ્યોગની વિપુલ તકો ઉભી થઇ છે. આપણો સમાજ આ તકનો જોઇએ તેટલો ફાયદો લઇ શક્યો નથી. આપણી માનસિકતામાં બદલાવ જરૂરી છે અને તે માટે સૌ પ્રથમ જાગૃતિ અભિયાન વ્યાપક બનાવવાનું છે.

ખેતી હવે નફાકારક વ્યવસાય બની ચૂક્યો છે. આપણા કેટલાય જ્ઞાતિજનો ખેતર-વાડીઓ ધરાવે છે જે ઇત્તરકોમ કે પરપ્રાંતિય લોકો સંભાળી રહ્યા છે. વતનમાં આપણા ઘણાં ઘરો બંધ પડ્યા છે, જે વસવાટ માટે ઉપયોગી થઇ પડે તેમ છે. ખેતીમાં હવે પહેલા જેવી સખત જાત મહેનતની જરૂર નથી રહી. યાંત્રિકરણ થતાં મહેનત ઓછી થઇ ગઇ છે. દેખરેખથી કામ થઇ શકે છે. વળી ઓર્ગેનિક ખેતી, બાગાયત અને આયુર્વેદિક વનસ્પતિની ખેતીથી ઘણું ઉંચુ ઉત્પાદન મેળવી શકાય છે. સહકારી ધોરણે મોટે પાયે ખેતીને વિકસાવી શકાય તેમ છે. નર્મદાના પાણી મળતાં પીવાના અને સિંચાઇના પાણીના પ્રશ્નો ધીમે ધીમે હલ થતા જાય છે. પર્યાપ્ત વીજળી પણ મળવા માંડી છે.

બાગાયતમાં દાડમ, ખારેક, કેરી, ડ્રેગન ફ્રૂટ, બ્રોકલી, નાળિયેર, જામફળ, બોર આદિ ફળોની ખેતી થઇ શકે છે તો ઔષધીય અને સુગંધીત પાકની ખેતી પણ શક્ય છે. ઇસબગુલ, મીંઢીઆવળ, કરિયાતું, કુંવારપાઠું, અશ્વગંધા, સર્પગંધા, એલોવીરા જેવી ઔષધીની ખેતી તથા પામારોઝ, લેમનગ્રાસ, તુલસી જેવી સુગંધી તેલ માટેની વનસ્પતિ દ્વારા સુગંધી તેલ, અત્તર, અગરબત્તીના ઉદ્યોગો વીકસાવી શકાય છે. આ ક્ષેત્રે આણંદ યુનીવર્સીટી અને જામનગર ધનવંતરી આયુર્વેદિક યુનીવર્સીટીનું માર્ગદર્શન મળી શકે તેમ છે.

આ ક્ષેત્રે વાગડ સમાજે સમયસર શરૂઆત કરી દીધી છે. મુંબઇ-સાંતાક્રુઝ ગારમેન્ટ મેન્યુ. ઉદ્યોગની પહેલથી ભચાઉમાં કચ્છ બિઝનેશ પાર્ક બનાવવાને સારો પ્રતિસાદ મળી રહ્યો છે. ૧૫૦૦ જેટલા લોકોએ ફોર્મ ભરી ત્યાં ઉદ્યોગ સ્થાપવામાં રસ દાખવ્યો છે. મુંબઇમાં વસતાં

વાગડવાસીઓએ 'ફ્યુચર મારૂં કચ્છ, વાગડ' ઝુંબેશ શરૂ કરી છે. માજી ધારાસભ્ય તારાચંદભાઇ છેડા પણ 'યુ ટર્ન કચ્છ' નામની ઝુંબેશ ઉપાડી ઉદ્યોગપતિઓને કચ્છ આવવા નિમંત્રિત રહ્યા છે. આવો જ પ્રયાસ આપણે કેમ ન કરી શકીએ. કચ્છ-હાલારમાં યોગ્ય સ્થળે સહકારી ધોરણે બિઝનેશ પાર્ક બનાવી આપણાં ભાઇઓને જરૂરી પ્લેટફાર્મ આપી શકીએ અને આજુબાજુનાં ગામડાઓને કવર કરી શકીએ. આપણા શ્રેષ્ઠીઓએ ખેતી અને બિનખેતી માટે જમીન મેળવવા આગળ આવવું જોઇએ. જે રીતે કચ્છ વિકસી રહ્યું છે તે જોતાં ઇનવેસ્ટમેન્ટ તરીકે પણ આ પગલું નુકશાનકારક તો નહીં જ બને.

હોટલ, પ્રવાસન, ખાણીપીણી, ગુડઝ/પેસેન્જર ટ્રાન્સપોર્ટ વ્યવસાય, સૌંદર્ય પ્રસાધન, મીઠાઇ, અથાણાં, પાપડ, ખાખરાનો ગૃહઉદ્યોગ, દૂધ ઉત્પાદન અને ડેરી પ્રોડક્ટસ, ભરતકામ, બાંધણી, અજરખ, લુંગી, કચ્છી ડ્રેસ મટેરીયલ ઉદ્યોગ, કોસ્મેટીક, અગરબત્તી ઉદ્યોગ બીઝનેશ પાર્કમાં વીકસાવી શકાય. સરકાર/બેંકો દ્વારા સુક્ષ્મ, સ્મોલ અને મીડીયમ ઉદ્યોગ (MSME) વિકસાવવા ઘણી રાહતો મળી રહી છે. મુંબઇ સ્થિત આપણું ગૃહ ઉદ્યોગ મંડળ કચ્છમાં ઉત્પાદન કરાયેલ આઇટમોને મુંબઇમાં વેંચાણ કરવામાં ઉપયોગી નીવડી શકે તેમ છે.

ગુજરાતના ક્ષેત્રફળનો ૨૩% હિસ્સો કચ્છ જિલ્લો ધરાવે છે. ગુજરાતને વિશ્વના પ્રવાસન નકશા પર મુકવાની કચ્છની ક્ષમતાને પારખી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદી તેને વિકસાવવા ભરપુર પ્રયાસ કરી રહ્યા છે. ભૂકંપ વખતે ૨૫૦૦૦ કરોડનું ઔદ્યોગિક રોકાણ કચ્છમાં આજે ૧.૫૦ લાખ કરોડને આંબી ગયું છે. કંડલા અને હવે મુન્દ્રા બંદર વિકસિત થતા એક્સપોર્ટ માટે પણ ઉજળી તકો છે. ખનિજ ક્ષેત્રે કચ્છ વિપુલ સંપત્તિ ધરાવે છે. લીગ્નાઇટ, બોક્સાઇટ, ફટકડી, ચિનાઇ માટી, બેન્ટોનાઇટ પુષ્કળ માત્રામાં છે. ખનિજ ઉદ્યોગ વિકસાવવાની તકો છે.

વેલસ્પન જેવી ઇન્ડસ્ટ્રીઝ ૧૦૦૦ લોકોને રોજગારી આપવા જાહેરાત કરે છે તો ટીસીએસના સંયુક્ત સાહસથી કચ્છના ગ્રામ્ય વિસ્તારના યુવાનોને રોજગારી માટે ઓપન રીક્રુટ યોજના (સીધી ભરતી) રોજગારી માટે ચલાવે તે આ વિસ્તારનાં ઉચ્ચ ભવિષ્યની નિશાની છે.

વૈશ્વિક પ્રવાહોને જાણી કઇ પ્રકારની રોજગારી, વ્યવસાય, ઉદ્યોગોની કચ્છ અબડાસા-હાલાર વિસ્તારમાં આગામી વરસોમાં તકો રહેશે તેનો તલસ્પર્શી અભ્યાસ કરી આયોજન કરવું જરૂરી બને છે. આ જ આપણી જ્ઞાતિના વિકાસનું એક ઉજળું સોપાન બની શકે છે. ***

## બાયઠવાસી ક.દ.ઓ. જ્ઞાતિજનો તથા બાયઠની ક.દ.ઓ. નિયાણી બહેનો જોગ

માનનીયશ્રી, જય જિનેન્દ્ર

વિશ્વ વ્યાપી કોરોનાની મહામારીને લીધે આ વરસે આપણા ગામનું સ્નેહમિલન યોજી શક્યા નથી તેથી ધ્વજા મહોત્સવ તથા વાર્ષિક ચડાવાઓની ઉછામણીઓ કરી શક્યા નથી.

આ પરિપત્ર દ્વારા આપ ગામાઇ જ્ઞાતિજનો તથા આપણી નિયાણી બહેનો પાસેથી નીચે પ્રમાણે ઉછામણીઓ તથા વાર્ષિક ચડાવાની ઓફરો મંગાવીએ છીએ. તો આપ સૌ તા. ૧૦-૧-૨૦૨૧ સુધી આપની ઓફરો મૌખીક, મોબાઇલ કે પત્ર દ્વારા નીચે જણાવેલ સંપર્ક સ્થળોએ મોકલાવી શકશો. જેની ઓફર સૌથી વધારે હશે તેમને આદેશ આપવામાં આવશે તેની નોંધ લેશોજી.

બાયઠ મધ્યેના શ્રી મહાવીર સ્વામી જિનાલયની ૭૦મી વર્ષગાંઠ નિમીત્તે તા. ૧૯-૨-૨૦૨૧ થી તા. ૨૧-૨-૨૦૨૧ સુધી ત્રિહાનીકા મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. અઢાર અભિષેકમાં અભિષેક દીઠ નકરો રૂા. ૧૦૦૧/- પ્રમાણે વહેલો તે પહેલાના ધોરણે નામ લખાવશો. ધ્વજા મહોત્સવનો કાર્યક્રમ નીચે પ્રમાણે યોજેલ છે.

**મહાસુદ આઠમ તા. ૧૯-૨-૨૦૨૧ : પૂજા**

**મહાસુદ નોમ તા. ૨૦-૨-૨૦૨૧ : અઢાર અભિષેક**

**મહાસુદ દશમ તા. ૨૧-૨-૨૦૨૧ : ધ્વજા આરોહણ**

ધ્વજા મહોત્સવની ઉછામણીઓ મણના હિસાબે થશે. વાર્ષિક ચડાવાની ઉછામણીઓ રૂપીયા હિસાબે થશે.

શ્રી મહાવીર સ્વામીજીનો ગંભારો - ગયા વરસે ૯૭૦૧ મણ,
શ્રી આદેશ્વર સ્વામીજીનો ગંભારો - ગયા વરસે ૪૫૦૧ મણ,
ચોકીયારા તથા ગુંબજ - ગયા વરસે ૧૧૧૧ મણ.

વાર્ષિક ચડાવા : સંવત ૨૦૭૭, કારતક સુદ ૧ થી આસો વદ અમાસ (ગયા વરસે) : પક્ષાલ રૂા. ૧૬૦૦૧/-, અંગ લુછણા રૂા. ૧૨૦૦૬/-, કેસર ચંદન રૂા. ૩૧૦૦૧/-, પુષ્પ પૂજન રૂા. ૧૫૦૦૧/-, ધુપ-અગરબત્તી રૂા. ૧૬૦૦૧/-, ઘૃત (ઘી) રૂા. ૧૫૦૦૧/-.

તા. ૧૮-૨-૨૦૨૧ થી તા. ૨૨-૨-૨૦૨૧ સુધી ધ્વજા મહોત્સવ પ્રસંગે આવનાર લાભાર્થી પરિવારો, ગામાઇ જ્ઞાતિજનો તથા નિયાણી બહેનો સર્વેને સહકુટુંબ પધારવાનું ભાવભર્યું આમંત્રણ પાઠવતાં અમો અત્યંત હર્ષ અનુભવીએ છીએ. તો આપ સૌ જરૂરથી પધારશોજી. રહેવાની તથા સાધર્મિક ભક્તિની વ્યવસ્થા મહાજનશ્રી દ્વારા કરવામાં આવશે.

**સંપર્ક માટે મોબાઇલ નંબરો**

| | |
|---|---|
| શ્રી નવીન એન. ધુલ્લા | - 98695 24949 |
| શ્રી લક્ષ્મીચંદ એલ. પોલડીયા | - 99300 08339 |
| શ્રી રાજેન્દ્ર વી. પોલડીયા | - 94227 75062 |
| શ્રી જગદીશ ડી. દંડ | - 98207 75677 |
| શ્રી નીલેશ એમ. પોલડીયા | - 99258 53680 |

**લિ. શ્રી ક.દ.ઓ જૈન જ્ઞાતિ મહાજન - બાયઠ,**
**બાયઠ ક.દ.ઓ જૈન મહાજન ટ્રસ્ટ વતી**
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા, રાજેન્દ્ર વેલજી પોલડીયા
માનદ્ મંત્રીઓના જય જિનેન્દ્ર

# મળવા જેવા માણસ...

## ડૉ. મનોજ ઠાકરશી ધરમશી - કોઠારા (વોશિંગ્ટન - યુ.એસ.એ)



ડૉ. મનોજ વિશે મેં અનેક સુંદર વાતો ઘણા વર્ષોથી સાંભળી હતી એટલે મેં તેમનો સંપર્ક સાધવા માટે પ્રયાસો શરૂ કર્યા અને મને તેમની સાથે ટેલિફોનિક વિસ્તૃત મુલાકાત કરવાનો અવસર મળ્યો જે પ્રકાશ સમીક્ષાના વાચકો માટે પ્રસ્તુત છે.

ડૉ. મનોજનો જન્મ શ્રીમતી માકબાઇ ઠાકરશી ભવાનજી ધરમશીને ત્યાં ખામગાંવ ખાતે થયો. તેમણે તેમનું B.E. નું શિક્ષણ ઇ.સ. ૧૯૫૯ જબલપુરની એન્જિનીયરીંગ કોલેજમાંથી પુરૂં કર્યું. તે પછી ૧૯૬૬માં ઉચ્ચ અભ્યાસ માટે અમેરિકા પ્રયાણ કર્યું. તેમણે ઇ.સ. ૧૯૬૭માં (M.S.) માસ્ટર ડીગ્રી આઇઆઇટી-શિકાગોમાંથી પ્રાપ્ત કરી અને ઇ.સ. ૧૯૭૬માં Southern Methodist University - USA માંથી Ph.D. કર્યું. તેમના લગ્ન નેણબાઇ રતનશી મોમાયા (વારાપધર)ની સુપુત્રી કાંતાબેન સાથે થયા. ડૉ. મનોજે ૩૫ વર્ષ સુધી અમેરિકાના સંરક્ષણ વિભાગમાં કામ કર્યું અને દીર્ઘ સેવાઓ પછી ઇ.સ. ૨૦૧૨માં તેઓશ્રી સેવા નિવૃત્ત થયા ત્યારે અમેરિકાના સંરક્ષણ વિભાગે પેન્ટાગોન (સંરક્ષણ વિભાગના મુખ્યાલય) ઉપર અમેરિકાનો રાષ્ટ્રધ્વજ લહેરાવ્યો જે કોઇ પણ ભારતીયને અપાયેલું મહાન સન્માન ગણાય. તેમના નેતૃત્વ હેઠળ ઇ.સ. ૧૯૮૯માં વોશિંગ્ટન શહેરમાં જૈન મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે જે ઉલ્લેખનીય છે.

**પ્ર.સ. : આપ ઉચ્ચ અભ્યાસ માટે ઇ.સ. ૧૯૬૬માં અમેરિકા ગયા અને ત્યારબાદ Ph.D. ઇ.સ. ૧૯૭૬માં પુર્ણ કર્યું પછી ભારત પરત કેમ ન આવ્યા ?**

**ડૉ. મનોજ :** અમેરિકાનું જીવનધોરણ ખૂબજ અલગ છે એટલે કે મુદ્દા ઉપર વધુ કેન્દ્રિત છે, ઓછા તણાવવાળું તથા પરિણામલક્ષી પણ છે. એટલે મેં અહિં જ રહી કારકિર્દી આગળ વધારવાનું નક્કી કર્યું. આજે હું મારા એ નિર્ણયથી ખૂબજ ખુશ છું.

**પ્ર.સ.: અમેરિકામાં સ્થાયી થયા પછી આપે ભારત તથા અહીંની સંસ્કૃતિ સાથેના સંપર્કો જાળવી રાખ્યા કે નહિં ?**

**ડૉ. મનોજ :** જરૂર ! જ્યારે ખામગાંવમાં હતો ત્યારે ભારતીય શાસ્ત્રીય સંગીતની તાલીમ લીધેલી તેમજ સંગીત તથા નાટકના કાર્યક્રમોમાં પણ ભાગ લીધેલ. તેથી વોશિંગ્ટનમાં સ્થાયી થયા પછી પણ અહીંના ગુજરાતીઓ માટે રાસ ગરબાનું આયોજન કરતો હતો. વોશિંગ્ટન ગુજરાતી સમાજની રચનામાં પણ ભાગ લીધો તથા મેં ઘણા વર્ષો સુધી 'કરાઓકે' ગાયનનો આનંદ લીધો.

**પ્ર.સ.: મને જાણ છે કે આપ જૈનીઝમથી પ્રભાવિત છો તથા જૈન કોમ્યુનીટી માટે અનેક પ્રવૃત્તિઓ કરી છે એ વિશે કંઇક પ્રકાશ પાડશો ?**

**ડૉ. મનોજ :** જી હાં, મારો જન્મ જૈન પરિવારમાં થયો છે અને હું જૈનીઝમમાં સંપુર્ણ શ્રધ્ધા ધરાવું છું. હું ફેડરેશન ઑફ જૈન એસોશિએશન્સ ઑફ નોર્થ અમેરિકા (JAINA) ના સ્થાપક સભ્યોમાંથી એક તથા સ્થાપક પ્રમુખ છું. ઇ.સ. ૧૯૯૫માં મને 'જૈન રત્ન' એવોર્ડથી સન્માનિત કરવામાં આવેલ.

મેં દર બે વર્ષ JAINA નું સંમેલન યોજવાનો પ્રારંભ કર્યો હતો તથા જૈન વિદ્વાનોને અમેરિકા આવવા નિમંત્રણ આપેલ તેમજ અમેરિકાના વિવિધ વિભાગોમાં તેમની મુલાકાતો ગોઠવી હતી. JAINA ની વિવિધ સમિતિઓના પ્રમુખ તરીકે મેં સેવા આપી છે. વોશિંગ્ટન જૈન સેન્ટરમાં મહાવીર જયંતિ તથા પર્યુષણ પર્વની ઉજવણીમાં હું સહભાગી બન્યો છું. તે ઉપરાંત માસિક ભાવના, વિવિધ પુજાઓ, જૈન ધર્મ તથા બાળકો અને વયસ્કો માટે નિયમિત વાર્ષિક મેળાવડાનું આયોજન પણ હાથ ધર્યુ છે.

**પ્ર.સ.: હાલમાં આપશ્રી કઇ પ્રવૃત્તિઓમાં સક્રિય છો ?**

**ડૉ. મનોજ :** વોશિંગ્ટનમાં શિખરબધ્ધ જૈન દેરાસર સાથેના ૨૫૦૦૦ સ્કે. ફુટના જૈન સેન્ટરના નિર્માણમાં હાલ કાર્યરત છું જેની પ્રતિષ્ઠા ઇ.સ. ૨૦૨૨માં કરવાનું લક્ષ્ય છે.

**પ્ર.સ.: આપે કેડીઓ જ્ઞાતિ માટે શું કર્યું એ જાણીએ ?**

**ડૉ. મનોજ :** મેં ઇ.સ. ૧૯૯૧ તથા ૧૯૯૩માં બે સંમેલનો - કાર્યક્રમો આયોજીત કર્યા હતા. મારી પાસે નોર્થ અમેરિકામાં વસતા ૩૭૦ પરિવારોની માહિતી છે, જેને નિયમિત રીતે અપડેટ કરૂં છું. હું કેડીઓ ક્ષમાપના કાર્યક્રમોનો સક્રિય સભ્ય છું. અમેરિકાની મુલાકાતે આવતા કેડીઓ ભાઇ બહેનોને વોશિંગ્ટન આવે ત્યારે એરપોર્ટથી લઇ, રહેવાની સુવિધા, વોશિંગ્ટનમાં સ્થાયી થવા માટે મદદ તથા માર્ગદર્શન તેમજ અન્ય જે કાંઇ જરૂરી હોય તે કરવા

માટે તત્પર રહું છું.

**પ્ર.સ.: આપના ભારતમાં રહેતા સગાઓ સાથે આપ સંપર્કમાં છો ?**

**ડૉ. મનોજ :** હાં જી, ખૂબજ સારી રીતે. હું અને મારી પત્ની કાંતા દર બે-ત્રણ વર્ષે ભારત આવીએ છીએ અને પરિવારનો મેડાવળો કરવાનો પ્રયત્ન કરીએ છીએ. ઇ.સ. ૨૦૧૪માં પરિવારના ૧૪૦ જેટલા સભ્યોનો ત્રણ દિવસનો મેળાવડો મેં આયોજીત કર્યો હતો જે ખૂબજ આનંદદાયક રહ્યો હતો.

**પ્ર.સ.: કે.ડી.ઓ. જ્ઞાતિજનો માટે આપનો સંદેશ ?**

**ડૉ. મનોજ :** તમારા સંતાનોને શિક્ષિત કરો, જે વિકાસ, ઉત્કર્ષ, ભવિષ્ય તથા કારકિર્દી માટે જરૂરી છે. કોઇ પણ વિદ્યાર્થીને માર્ગદર્શન જોઇતું હોય તો વિનાસંકોચે મને mdharamsi@gmail.com ઉપર સંપર્ક સાધી શકો છે.

**પ્ર.સ.: ડૉ. મનોજ, આપનો કિંમતી સમય આપી, સુંદર વિચારો અને ઉપયોગી માહિતી આપવા બદલ ખૂબ ખૂબ આભાર.**

**– ડૉ. હીરાચંદ દંડ**

## શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ સંઘ (મહાજન)

શ્રી સંઘ (મહાજન)નું દિપાવલી મિલન કાર્યક્રમ સહ વિદ્યાર્થી અભિવાદન સમારોહ તા. ૨૨-૧૧-૨૦૨૦ને રવિવારના જિનાલયના હૉલમાં રાખવામાં આવેલ. કાર્યક્રમના મુખ્ય અતિથિ રૂપે વડીલથી મોતીચંદ કરમશી શિયાડ (જખૌ-રાયપુર) અને વિશેષ અતિથિ રૂપે વિજય સંગોઇ અને ખીમજી નેણશી મોતા (ભાટાપારા) હતા. મંચ પર મહાજન પ્રમુખશ્રી ચંદ્રેશ વીરચંદ છેડા, કોષાધ્યક્ષ શ્રી હરીશ શિવજી શાહ, કુંથુનાથ જિનાલયના સહમંત્રી શ્રી ભૂપેન્દ્ર મોમાયા, મહિલા મંડળના ઉપપ્રમુખ સૌ. પ્રિતિ પ્રવિણ મૈશેરી, યુવા મંડળના પ્રમુખશ્રી નિતેશ ઉમરશી મૈશેરી ઉપસ્થિત હતા.

સમાજના ૭૪ વિદ્યાર્થીઓને પરીક્ષામાં ઉતીર્ણ થવા બદલ પારિતોષિક તથા પ્રમાણપત્ર આપી અભિવાદન કરવામાં આવેલ.

મહાજન પ્રમુખશ્રી ચંદ્રેશ છેડાએ બધાને પર્વની શુભેચ્છા પાઠવેલ તથા જ્ઞાતિના કાર્યોમાં સહયોગી થવા અપીલ કરી. વિશેષ અતિથી શ્રી વિજય દામજી સંગોઇ એ જ્ઞાતિના કાર્યોની સરાહના કરી સહયોગની ભાવના વ્યક્ત કરી. મુખ્ય અતિથી શ્રી મોતીચંદભાઇએ બધાને નવાવર્ષની શુભેચ્છા આપી અને જ્ઞાતિના યુવાનો આવી જ રીતે સંગઠિત થઇ કાર્ય કરતા રહે જેથી જ્ઞાતિને ખૂબજ આગળ લઇ જઇ શકાય એવી ભાવના વ્યક્ત કરી.

કાર્યક્રમનું સુંદર રીતે સંચાલન શ્રી મિલન ઉતમ મૈશેરી અને મિત ગિરિશ શિયાડ દ્વારા કરવામાં આવેલ. સંપૂર્ણ વ્યવસ્થામાં શ્રી નિતેશ શશીકાંત નાગડા, જયેશ કલ્યાણજી નાગડા, કૃષ્ણા દિવેશ લાલકા, હેમલ મનીશ લોડાયા, ભવ્યા અમિત જીવાણી, ખૂશ્બૂ દિપક લાલકા, હેતલ ગીત શિયાડ સારી જહેમત લીધેલ. આભાર વિધિ શ્રી હરીશ શિવજી લોડાયાએ કરેલ.

## ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ



પ્રકાશ સમીક્ષાના ટ્રસ્ટી શ્રી ઉદયનભાઇ લોડાયાના માતુશ્રી તથા ટ્રસ્ટીશ્રી શ્રી શૈલેશભાઇ શાહ (લોડાયા)ના કાકી રમાબેન લાલજી નરપાર લોડાયા, મોટી સિંધોડી, ઉ.વર્ષ ૮૨, અરિહંત શરણ પામ્યા છે.

સદ્ગતના આત્માની શાંતી માટે પ્રભુ પ્રાર્થના સહ ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ. – પ્રકાશ સમીક્ષા સમિતિ

## વારાપધ્ધર ક.દ.ઓ. જૈન સમાજનું ગૌરવ



**શ્રી અરવિંદ લાલજી લોડાયા (શાહ)**

**મહામંત્રીશ્રી, અબડાસા તાલુકા ભારતીય જનતા પાર્ટી**

શ્રી વારાપધ્ધર કચ્છી દશા ઓશવાલ જૈન મહાજનના ટ્રસ્ટીશ્રીની ગૌરવવંતા પદે નિમણુંક બદલ અભિનંદન સાથે ઉત્તરોત્તર પ્રગતિ કરી લોકસેવાના કાર્યો કરતા રહો તેવી શુભકામના.

- શ્રી વારાપધ્ધર કચ્છી દશા ઓશવાલ જૈન મહાજનના ટ્રસ્ટીશ્રીઓ
- શ્રી વારાપધ્ધર કચ્છી દશા ઓશવાલ જૈન યુવક મંડળના ટ્રસ્ટીશ્રીઓ

(વારાપધ્ધર/મુંબઇ)

# લોકતંત્રનું એક અનિવાર્ય અનિષ્ટ - ચૂંટણી
## ભાગ ૧ રાજકીય

- પ્રવિણચંદ્ર શામજી ધરમશી (શાહ) કોઠારા-સુરત
મો. 9978903247



એક જમાનામાં રાષ્ટ્ર કે દેશનું તેના નાગરિકોના મુખ્ય વ્યવસાયોના આધાર પર વર્ગીકરણ કરવામાં આવતું અને ત્યારે ખેતી અને ઉદ્યોગ એ બે મુખ્ય વ્યવસાયો હતા; તેથી ઉદાહરણ તરીકે એમ કહેવાતું કે અમેરિકા ઉદ્યોગ પ્રધાન દેશ છે, અને ભારત ખેતી પ્રધાન દેશ છે. પણ જે સ્તરે અને જે મોટી સંખ્યામાં ભારતમાં ચૂંટણીઓ થાય છે, તે જોતાં એમ કહેવું કદાચ અસ્થાને નહીં લાગે કે ભારત ચૂંટણી પ્રધાન દેશ છે. ભારત જેવા વિશાળ દેશમાં જ્યાં લોકશાહી શાસન પદ્ધતિ છે; અને જેની જનસંખ્યા ૧૩૫ કરોડની આસપાસ છે, જેમાંથી લગભગ ૯૦ કરોડ જેટલા મતદાતા છે. જેના ૨૮ રાજ્યો અને ૮ કેન્દ્ર શાષિત પ્રદેશો છે અને જ્યાં કેન્દ્ર (સંસદ અને રાજ્ય સભા), રાજ્ય (વિધાન સભા અને વિધાન પરિષદ) અને સ્થાનિક (મહા નગર પાલિકા, નગર પાલિકા, ગ્રામ પંચાયત) એમ ત્રિસ્તરીય શાસન કે વહીવટ વ્યવસ્થા છે; અને દરેક શાસકીય એકમની પોતાની અલગ ચૂંટણી યોજાય છે, કારણ કે દરેકના મતદારો અને વિસ્તારો કે ક્ષેત્ર અલગ હોય છે. તે ઉપરાંત કોલેજો, સહકારી સંસ્થાઓ જેવી કે બેન્કો, ખાંડ કે સાકર કારખાના, ખેતી વાડી સંસ્થાનો, ચેમ્બર ઓફ કોમર્સ વગેરે કહેવા માટે અ-રાજકીય (apolitical) સંસ્થાઓ અને કેટલાક વ્યવસાયિક (પ્રોફેશનલ) સંગઠનો (bodies) જેમકે ડોક્ટર, વકીલ, સી.એ., જેવા વ્યવસાયિકોના સંગઠનો તથા શ્રમિક યુનિયનો વગેરેમાં પણ ચૂંટણીઓ યોજાય છે. દરેક સંસ્થા કે સંગઠનોના હોદેદારોની અલગ અલગ સમય સીમાઓ હોય છે, જે એક થી માંડીને પાંચ વર્ષ રહે છે. તે ઉપરાંત પેટા ચૂંટણીઓ (bye election) પણ ખરી. એટલે ભારતમાં ક્યાંને ક્યાં કોઈ પણ પ્રકારની ચૂંટણીની પ્રક્રિયા લગભગ અવિરત ચાલુ જ રહે છે. આના કારણે ચૂંટણી અને રાજકારણ એ મોટા ભાગના ભારતીયોના જીવન અને સ્વભાવનો એક અભિન્ન અંગ થઇ ગયા છે. આજકાલ શોસીઅલ મીડિયા, ખાસ કરીને વ્હોટ્સએપના લગભગ ૫૦% કરતાં વધુ પોસ્ટસ કે મેસેજ રાજકારણને લગતા કે રાજકીય બાબતને સ્પર્શતા હોય છે.

**લગ્ન સંબંધી**

ગોવા સ્થિત **KDO**, ઉંમર ૨૮ વર્ષ, પોતાનો બિજનેશ ધરાવતાં ભણેલા યુવક માટે, સંસ્કારી, ભણેલી યુવતીના વડીલો સંપર્ક કરે, જાહેરાત હેતુ યોગ્ય પસંદગી.

ફોન : **75885 65726**

મોટા ભાગની ચૂંટણીઓમાં કાવાદાવા, જાતિવાદ, કોમવાદ અને જૂથવાદ એ મહત્વનો ભાગ ભજવે છે, જેને ભારતમાં રાજકારણ (પોલિટિક્સ) એવું નામ આપવામાં આવે છે, તેથી ભારત જેવા વિશાળ અને મહાન દેશમાં કુટુંબ, સમાજ અને સામાજિક સંસ્થાઓમાં પણ આ દુષણ બહુ મોટા પ્રમાણમાં ફેલાવા લાગ્યું છે. કોઈ કોઈ સમજદાર, શિક્ષિત અને શાણા નાગરિકો તો એમ કહે છે કે રાજકારણ હવે આપણા વ્યક્તિગત ડી. એન. એ.નો એક ભાગ થઇ ગયો છે! અને કોઈ પણ સામુહિક પ્રવૃત્તિ હવે તેમાંથી મુક્ત રહે તે લગભગ અસંભવ છે; અને આના કારણે સખેદ લખી શકાય કે યોગ્ય, લાયક, સંવેદનશીલ અને પ્રામાણિક વ્યકતિઓ રાજકારણ થી દૂર રહે છે, અને જ્યારે તેઓ વિદેશમાં સ્થાયી થાય છે ત્યારે મોટાભાગે તેઓ ત્યાં ખુબ જ સફળ થાય છે, કારણ કે ત્યાં આપણા દેશ કરતાં અલગ જ વાતાવરણ હોય છે. આ સ્થાને મને એક અંગ્રેજી વાક્ય 'A prophet is rarely worshiped in his own country' યથોચિત લાગે છે.

હવે જાતિવાદ એ માત્ર ભારત પૂરતું મર્યાદિત ના રહેતાં આંતરરાષ્ટ્રીય કે વૈશ્વિક સ્તરે ફેલાઈ ગયું છે; જેનું ઉદાહરણ છે તાજેતરની અમેરિકાની રાષ્ટ્રપતિની ચૂંટણી. અમેરિકામાં ભારતીય મૂળના નાગરિકો અને એશિયનો (જેમાં સારી એવી સંખ્યામાં મુસલમાનો સામેલ છે) સારી એવી સંખ્યામાં છે અને તેઓ મતદાર યાદીમાં સમાવિષ્ટ છે, જેના કારણે ડેમોક્રેટિક પક્ષના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર જો બાઈડનએ પોતાના 'રનિંગ મેઇટ્' એટલે કે ઉપરાષ્ટ્રપતિ તરીકે ભારતીય મૂળના કમલા હેરિસનને પસંદ કર્યા. તે ઉપરાંત ડેમોક્રેટિક પક્ષને મુસ્લિમો તરફ ઝુકાવ (સોફ્ટ કોર્નર) છે, તેથી ટ્રમ્પના પુરોગામી બરાક હુસૈન ઓબામા જે મુસ્લિમ છે, તેમણે તાજેતરની અમેરિકાની રાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં રિપબ્લિક પક્ષના ઉમેદવાર જો બાઈડન માટે પ્રચાર પણ કર્યો. તે ઉપરાંત થોડા મહિના પહેલાં એક અશ્વેત આફ્રિકન-અમેરિકન નાગરિક જ્યોર્જ ફ્લોયડનું અમેરિકાની પોલીસ દ્વારા ૨૬ મે ૨૦૨૦ના રોજ જાહેરમાં અમાનુષી અત્યાચાર ગુજારાતાં મૃત્યુ થતાં, સમગ્ર અમેરિકામાં તોફાનો ફાટી નીકળ્યા; અને આ રીતે જેને ગોરાઓ 'કલર્ડ' કહે છે તે સમગ્ર મતદારોના મતોનું ધ્રુવીકરણ થઇ ગયું, પરીણામે રિપબ્લિક પક્ષના વર્તમાન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને થોડા મતોના ફરકના કારણે હારનો સામનો કરવો પડ્યો. કોઈ ચૂંટણી વિષેશ કે યથાર્થ કહ્યું કે જો બાઈડનને બહુમતી મળી છે પણ સ્પષ્ટ જનાદેશ નથી મળ્યો.

આ રીતે આ અમેરિકાની ચૂંટણીમાં ધર્મ કે કર્મ નહીં પણ ચર્મ (ચામડીના રંગ) એ મહત્વની ભૂમિકા ભજવી છે!

ભારતનું ચૂંટણી તંત્ર જે સ્તરે કામ કરે છે, તે કાર્યભાર કદાચ અન્ય કોઈ પણ સરકારી વિભાગ કરતાં અનેક ગણું વધારે છે; જેના માટે આ તંત્રના કર્મચારીઓ પ્રશંસાના હકદાર છે. મારા કેટલાક બુદ્ધિજીવી મિત્રો એમ માને છે કે ચૂંટણી તંત્ર અને ટપાલ ખાતું, આ બે સરકારી વિભાગો કદાચ એવા છે, જેમાં 'મલાઈ' ઓછી અને મજૂરી વધારે છે! ચૂંટણી તંત્રના કાયમી કર્મચારીઓ ઉપરાંત જયારે જે વિસ્તારમાં ચૂંટણી હોય ત્યારે લગભગ ત્રણ મહિના પહેલાં તે વિસ્તારના શિક્ષકો અને ખાસ કરીને 'રેવેન્યુ' એટલે કે મહેસુલ વિભાગના કર્મચારીઓની સેવા હંગામી ધોરણે લેવામાં આવે છે, જેના કારણે શિક્ષણ અને અન્ય સંલગ્ન સેવાઓ લગભગ ખોરવાઈ જાય છે જે કદાચ અનિવાર્ય છે.

ચૂંટણી દ્વારા શાસકની પસંદગી, એ લોકતાંત્રિક પદ્ધતિથી સરકાર ચલાવવા માટેની અસરકારક અને માન્ય પદ્ધતિ છે. અગાઉ ચૂંટણીમાં પક્ષોનો ચૂંટણી ઢંઢેરો એ બહુ મહત્વનો મનાતો જે સિદ્ધાંત, નીતિ અને મૂલ્યો પર આધારિત રહેતો અને તેના આધાર પર ચૂંટણીઓ લડાતી, જેમાં મોટાભાગે સર્વ ઉપયોગી કાર્યો જેવા કે રસ્તા, વીજળી પુરવઠો કે સ્વચ્છ પીવાના પાણીની સગવડ જેવા 'બહુ જન હિતાય, બહુ જન સુખાય' જેવા પ્રજાલક્ષી કાર્યોનું પ્રાધાન્ય રહેતું. પણ કાળક્રમે તેની જગ્યાએ વચનો કે લાભો એ ચૂંટણીના મહત્વના મુદ્દા બની ગયા. લગભગ દરેક પક્ષ ચૂંટણી પ્રચારમાં એવા વાયદા કરે છે કે જો તેમનો પક્ષ ચૂંટણી જીતશે તો અમુક તમુક વર્ગના લોકોને આ લાભ આપશે. આ રીતે અગાઉ જે સાર્વજનિક કે વર્ગહીન મુદ્દાઓ હતા તેને વર્ગીય કે મર્યાદિત બનાવી દીધા, અને જે ચૂંટણી વિસ્તારમાં જે તે વર્ગની સંખ્યાકીય બહુમતી હોય અને જે ચૂંટણીના પરિણામ પર અસર કરી શકે છે તે જૂથ કે વર્ગને નઝરમાં રાખીને વાયદાઓ કરવામાં આવે છે. અને ત્યાર પછી શાસન ચલાવવાના નિયમો પણ ચૂંટણીમાં કરેલા વાયદા, વચનો કે વાણીવિલાસ પ્રમાણે કરવાની સત્તાધીશ પક્ષને ફરજ પડે છે અને જે કેટલીક વાર દેશના અર્થતંત્ર, સામાજિક સમાનતા અને ઐક્યના માટે હાનિકારક બની જાય છે. આઝાદીની લડાઈ વખતે સુભાષચંદ્ર બોઝએ એક વાક્ય કહેલ કે **''तुम मुझे खून दो, मैं तुम्हें आजादी दूंगा''** તેની જગ્યાએ રાજકીય પક્ષો નવા વણલિખિત કે મોઘમ સૂત્રો લાવ્યા **'तुम हमें वोट दो, हम तुम्हें ये फायदा या लाभ देंगे'**. આવા ફાયદા કે લાભોના પ્રકાર, વિસ્તાર અને અમલીકરણ એ ચૂંટણીના સ્તર એટલે કે પ્રકાર પર આધારિત રહે છે. આ રીતે લેન દેન કે લેવડ દેવડ પદ્ધતિ એ શાસનના નામ પર સત્તા ગ્રહણ કરવાનું હથિયાર કે રણનીતિ બની ગઈ. **इस हाथ से दे, उस हाथसे ले**, આ આદાન પ્રદાન કે વર્ગીય અથવા મર્યાદિત તુષ્ટિકરણની નીતિનો કહેવાતા સિધ્ધાંતનિષ્ઠ રાજકીય પક્ષોએ પણ ભરપૂર લાભ ઉઠાવ્યો છે, અને 'કાગડા બધે જ કાળા' આ કહેવતને યોગ્ય ઠહેરાવી છે. આ રીતે લેન દેન કે લેવડ દેવડ જે અગાઉ લાંચ રૂશ્વત મનાતું, એ સામાન્ય જનતા કે આમ નાગરિક માટે કોઈ પણ કાર્ય; ખાસ કરીને સરકારી કાર્યોની પતાવટ કે નિકાલ માટેનું અનિવાર્ય અંગ બની ગયું છે. અગાઉ જે ભ્રષ્ટાચાર કહેવાતું એ કાળક્રમે વ્યવહાર અને પછી શીષ્ટાચાર બની ગયું. તેથી જ સરકારી તંત્રમાં સૌથી વધુ ભ્રષ્ટાચાર જોવા મળે છે, **यथा राजा तथा तंत्र.** મનુષ્યની નૈસર્ગીક અને મૂળભૂત પ્રકૃતિ કે નબળાઈ 'મફત, સસ્તું, વધારે અને ઓછી મહેનતે કે મહેનતે કર્યા વગર મળતા લાભ કે ફાયદા' નો વેપારીઓએ જે રીતે વેચાણ વધારવા માટે ઉપયોગ કર્યો છે, તેનો ઉપયોગ રાજકીય પક્ષોએ મત વિસ્તાર (વોટ બેંક) માટે કર્યો છે. આ રીતે શાસન વ્યવસ્થાના પાયામાં કે ઘડતરમાં લેવડ દેવડ એ મહત્વનું ઘટક કે ભાગ બની ગયું છે; અને સરકાર બનાવવા કે બનેલી સરકાર તોડવા માટે શામ, દામ દંડ અને ભેદના હથિયાર કે નીતિનો ઉપયોગ એ સર્વ માન્ય થઇ ગયો, અને પ્રજા એટલી હદ સુધી અસંવેદનશીલ બની ગઈ છે કે, આવી અનૈતિક કે બિનલોકશાહી પદ્ધતિને ચાણક્યનીતિ કે કૂટનીતિ જેવા રૂપકડા નામકરણના નેજા હેઠળ અમુક પક્ષની પ્રશંસા કરે ને અમુક પક્ષની નૈતિકતાના નેજા હેઠળ ટીક્કા પણ કરે! જે શાસન વ્યવસ્થાના સ્થાપનના મૂળમાં જ ભ્રષ્ટાચાર હોય તેવી શાસન વ્યવસ્થામાં પ્રામાણિક કે પારદર્શક વહીવટ કે ન્યાયની આશા રાખવી એ પ્રજા માટે બાવળના વૃક્ષ પર કેરીના ફળની આશા રાખવા બરાબર છે. 'જે કુવામાં હોય, તેજ હવાડામાં આવે' તે કહેવત એમ જ નહીં બની હોય. હદ તો ત્યાં થઇ ગઈ છે કે જેમની સામે ફોજદારી કે દીવાની કોર્ટ કેસ ચાલતા હોય, કે જેમને અગાઉ સજા થયેલ કે જેલવાસ ભોગવેલ તેવા વ્યક્તિને પણ જેની ચૂંટણીમાં જીતવાની શક્યતા ખુબ વધારે હોય તેવા ઉમેદવાર ને ટિકિટ આપવામાં પણ રાજકીય પક્ષો નથી અચકાતા. જોકે ભારતની સુપ્રીમ કોર્ટે આ બાબતને ગંભીરતાથી લઈને દરેક રાજકીય પક્ષને ગુનાહિત ભૂતકાળ ધરાવતા ઉમેદવારોની માહિતી ઈન્ટરનેટ પર મુકવાની સલાહ આપેલ છે. ભારતના ચૂંટણી પંચે એકાદ દશકાથી મતદારોને 'નાટો'નો વિકલ્પ આપેલ છે જેનો ઉપયોગ કરીને તે ચૂંટણીમાં સામેલ બધા ઉમેદવારોને અયોગ્ય જાહેર કરી શકે છે. છેલ્લી કેટલીક ચૂંટણીઓમાં આ 'નાટો'ની સંખ્યા લાખોમાં થઇ જાય છે, જે ઉમેદવારોની યોગ્યતા પર અવિશ્વાસ બરાબર છે.

**છીપનું મોતી :** સારપ, સમજણ અને સંનિષ્ઠા વગરના શાસકો અંતે શોષક બની જાય છે.

* * *

આરોગ્ય પ્રકાશ

# આપણી જ્ઞાનેન્દ્રિયાને સાચવીએ....

- ડૉ. વીરચંદ લખમશી નાગડા,
M.B.B.S. (મુંબઇ), **M : 8369077978**



ભગવાને આપણને પાંચ ઇન્દ્રીયો આપી છે. આંખ, કાન, નાક, જીભ અને ત્વચા એ પાંચ જ્ઞાનેદ્રિયો છે. એના દ્વારા આપણને અમુક જ્ઞાન થાય છે એટલે એમને જ્ઞાનેન્દ્રિયો કહે છે. જેના દ્વારા આપણે જોઇ, સાંભળી, સુંઘી, સ્વાદ પારખી અને સ્પર્શ અનુભવી શકીએ છીએ. આમાંથી એકેય ઇન્દ્રિયને બિમારી, ઇજા કે ઉંમરને લીધે નુકશાન થાય તો આપણને તકલીફ પડે છે. આ ઇન્દ્રિયોની કિંમત તો એમાંથી એકાદ ઇન્દ્રિય નબળી પડે કે એકદમ જ કામ કરવાનું બંદ કરે ત્યારે જ આપણને સમજાય છે. ઇન્દ્રિયોની સંભાળ કેમ લેવી તે આપણે જોઇએ.

**૧) આંખ :** આપણે દિવસના વાંચતા હોઇએ ત્યારે સુરજના કિરણો પુસ્તક/લખાણ પર પડે તે રીતે વાંચવું નહિં, અને રાત્રે લાઇટ આપણી આંખો પર આવે તેમ વાંચવું નહિં. બહુ ઝાંખા પ્રકાશમાં વાંચવું નહિં. ટી.વી., મોબાઇલ જોતી વખતે પણ રૂમમાં લાઇટ હોવી જોઇએ, અંધારામાં ટી.વી. કે મોબાઇલ ન જોવા. કોમ્પ્યુટર, મોબાઇલને સતત જોવાથી આંખોને નુકશાન થાય છે. જેમ બને તેમ ઓછો વપરાશ કરવો. વચ્ચે વચ્ચે આંખો પટપટાવવી. સમયાંતરે આંખો પર પાણીની છાલક મારવી. એન્ટીગ્લેર સ્ક્રીન તેમજ આઇ પ્રોટેક્ટર સ્ક્રીન મળે છે જે લેપટોપ, ટેબ કે કોમ્પ્યુટરમાં લગાડવાથી આંખો ને બચાવી શકાય.

સૌ પ્રથમ મોબાઇલમાં ઉજાસ (Brightness) હંમેશા ઓછું રાખવું કારણ મોબાઇલનો તેજ પ્રકાશ આંખોને નુકશાન કરે છે. એન્ડ્રોઇડ મોબાઇલ રાતના વાંચન માટે ખાસ "Read Mode" નો વિકલ્પ મળેલ છે જે સફેદ તેજને (White brightness)ને પીળાશ પડતા પ્રકાશ (Yellow tone) માં બદલશે અને જે આંખને નુકશાનથી બચાવશે. આને માટે સેટીંગ્સ (Settings) માં જઇ સર્ચમાં "Read Mode" લખતાં (ટાઇપ કરતાં) મળી જશે. અહીં Good Night's read માં on કરતા Sunset પછી આપોઆપ રોજ મોબાઇલનો પ્રકાશ બદલાઇ જશે. અથવા તમે Custom Period માં on કરી Turn on time અને Turn off time પોતાના ઉપયોગ મુજબ નાખી શકશો. દિવસભર કામમાં વ્યસ્ત રહેનાર પણ રાત્રે નિરાંત સમયે મેસેજ કે ઇમેલ ચેક કરશે જ તો આ "Read Mode" ના વિકલ્પનો ઉપયોગ કરવો ખૂબજ જરૂરી છે.

તડકામાં બહાર નીકળીએ ત્યારે માથું કેપથી અને આંખ ગોગલ્સ થી ઢાંકીએ. ગાજર, આવળા, પીળી હળદર, પપૈયું, કોળું, કેળા કેરી, મોસંબી, સંતરા, રાયણ વગેર ખોરાકમાં લઇએ જેથી બીટા કેરાટીન/વિટામિન A શરીરને મળે, આંખો તંદુરસ્ત રહે. સવારના ઉઠીને મોઢું ધોઇએ ત્યારે મોઢામાં પાણી લઇ આંખો પર છાલક મારીએ. ડાબી આંખ પર છાલક મારીએ ત્યારે મોંમા પાણી ડાબી બાજુ લઇ જઇએ અને જમણી આંખ પર છાલક મારીએ ત્યારે મોંમા પાણી જમણી બાજુ લઇ જઇએ આમ વારાફરતી થોડીવાર કરીએ. આંખોની કસરત કરીએ, આંખનો ડોળાને ઉપર નીચે, ડાબે જમણે, કાટખૂણે અને ક્લોકવાઇઝ અને એન્ટીક્લોકવાઇઝ ગોળ-ગોળ ફેરવીએ. દરેક ૧૦-૧૦ વખત કરીએ. આંખો બંદ કરી તેના પર બન્ને હથેળી ઢાંકી થોડીવાર શાંત બેસીએ (Plaming). હાથનો અંગુઠો આંખોથી એકાદ ફૂટ દૂર રાખી તેને જોઇએ અને તરત દૂરની વસ્તુ જોઇએ ફરી અંગુઠો જોઇએ. આમ ૧૫-૨૦ વખત કરીએ. આ સર્વ કસરતથી આંખના સ્નાયુ મજબૂત થશે, આંખને ફાયદો થશે. સ્વમુત્ર દશેક મિનિટ ઠંડુ થયા બાદ આઇકપમાં લઇ, આંખ તેમાં ખોલબંદ કરીએ. ડાયાબીટીઝ, હાઇ બી.પી., થાયરોઇડને કંટ્રોલમાં રાખવા નહિં તો શરીરના અન્ય ભાગ સાથે આંખોને પણ નુકશાન થાય છે. પાચન બરાબર ન હોય, આમ વાત હોય, તજાગરમી (ખોટી ગરમી) શરીરમાં હોય તો તેના ઇલાજ કરવા નહિં તો તે પણ આંખોને નુકશાનકારક. આંખોના નંબર હોય તો ચશ્મા વગર ન વાંચવું.

**૨) કાન :** કાન પર આંખોની જેમ કોઇ રક્ષણ નથી. તેથી નાના મોટા અવાજ કાન પર સતત અથડાયા કરે છે. જ્યાં અવાજ વધુ હોય તેવા કારખાના, કંપનીઓ, જાહેર રસ્તા વગેરે જગ્યાએ રૂના પૂમડા કે ઇયર મફથી કાન બંદ રાખીએ. અતિ ઠંડીમાં પણ મફલર, કાનટોપી કે રૂથી કાનને બચાવો. સિગરેટ દારૂ વ્યસન બંદ કરો. કાનમાં ખંજવાળ આવે ત્યારે દિવાસળી, ચાવી, હેરપીન ન વાપરો મેલ કાઢવા પણ આવું કાંઇ ન વાપરો. તે માટે તેલ કે કાનના ટીપાં (Soliwax) વાપરો. મેલ કાઢવા વપરાતી ઇયર બડ્સ પણ ઘણી વખત કાનમાં રહી જાય છે.

### વિશેષ નોંધ :

પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **- તંત્રી મંડળ**

(કોટનનો ભાગ અંદર નીકળી જાય છે.) દિવાસળી, હેરપીન જેવી વસ્તુઓ અંદર જખમ કરે કે પડદામાં કાણું પાડે. જખમ પાકે કે પરૂ થાય તો કાન અને મગજની વચ્ચે આવેલ પાતળા હાડકાને નુકશાન કરી મગજમાં જઇ તકલીફ થઇ શકે. શરદી, ગળાનું ઇન્ફેક્શન ન થાય તેનું ધ્યાન રાખો. ગળા અને કાનને એક નળી જોડે છે તેથી ગળામાં ઇન્ફેક્શન હોય તો કાનમાં ચેપ પહોંચી શકે છે. ઇજા કે મોટા અવાજને કારણે પડદાને નુકશાન થાય તો કાયમ બહેરાશ આવી શકે. ગીતો વાતચીત સાંભળવા ઇયરવાયર વાપરીએ તેનાથી કાનમાં ઇન્ફેક્શન થવાની શક્યતા છે. હાલમાં લૉકડાઉનને કારણે ઓનલાઇન સ્કુલ અને વર્ક ફ્રોમ હોમ ના કારણે ઇયરવાયરનો વપરાશ વધ્યો તેનાથી કાનની તકલીફના કેસ ખૂબ વધી ગયા છે. બહેરાશમાં વપરાતા સાંભળવાના મશીન મોંઘા હોય છે અને મોટા ભાગના ને ફાવતા નથી તેથી બહેરાશ ન આવે તેનું ધ્યાન રાખીએ. કાનમાં અવારનવાર (પંદરેક દિવસે) તેલના ટીપાં નાખો, સ્વમુત્રના બે ત્રણ ટીપા કાનમાં નાખો. સ્વમુત્રમાં કુદરતી સ્ટેરોઇડ છે જે કાનને ફાયદો કરશે. નિયમિત ભ્રામરી પ્રાણાયમ કરો. બહેરાશ હોય તેમણે ૧) પોતાના પેશાબના ૨-૩ ટીપાં નિયમિત કાનમાં નાખવા ૨) ભ્રામરી પ્રાણાયમ રોજ કરો. ૩) સફેદ કાંદાના રસના ટીપા ૪ (ચારેક) ટીપા કાનમાં નાખો. ૪) અઠવાડીયે એક વખત સરસવનું તેલ (હુંફાળુ) નાખો. ૫) તલના તેલના ટીપા પણ નિયમિત નાખવાથી લાભ થાય.

**૩) નાક :** શરદી, સાયનુસાઇટીસ (સાયનસમાં સોજા) ન થાય તેનું ધ્યાન રાખવું. નાકની આજુબાજુ છ બખોલ (સાયનસ) છે, ત્રણ જમણી બાજુ ત્રણ ડાબી બાજુ, શરદી થઇ હોય અને ઉપાય ન કરીએ, ઠંડુ પાણી, આઇસક્રીમ વગેરે લઇએ તો ઇન્ફેક્શન સાયનસમાં ભરાય અને એમાં સોજા આવે જેને સાયનુસાઇટીસ કહે છે. શરદી થાય ત્યારે નાકની આજુબાજુ શેક કરીએ. બાફ લઇએ, તુલસીનો કાઢો, ગરમ પાણી, હળદર, ચા લઇએ અને જરૂર પડે તો એન્ટીબાયોટીક્સ લઇ શરદી ગળાના ઇન્ફેક્શનને કાબુમાં લઇએ. મોટા ભાગે સુંઘવાની શક્તિ તાત્પુરતી જાય છે. કોરોનાના ઇન્ફેક્શનમાં પણ એમ જ છે. સુગંધ ન આવતી હોય તો કોપરેલ કે તલનું તેલ નવસેકું ૧-૧ ટીપુ સવારે અને રાત્રે સુતી વખતે નાકમાં નાખો. નીલગીરી (યુકેલીપ્ટસ ઓઇલ) સૂંઘો, ગરમ પાણીમાં નીલગીરી તેલ નાખી તેની બાફ લ્યો.

**૪) જીભ :** પચે એટલું જ જમીએ, પેટ સાફ રાખીએ. પેટ બગડે એની અસર જીભ પર દેખાય છે. મોં મા, જીભ પર ચાંદા પડે, ચીરા પડે. રોજ એરંડભ્રસ્ટ હરડે લઇએ અથવા ૭-૧૫ દિવસે એરંડીયુ લઇએ (એરંડીયા તેલ ને ગરમ કરી ઠંડુ કરીએ તો તેનો સ્વાદ ખરાબ ન રહેતા પી શકાય તેવું બની રહે છે.) જેથી પેટ સાફ રહે અને જીભ તંદુરસ્ત રહે. જીભની સ્વાદ પારખવાની શક્તિ જતી રહી હોય તો ૨-૪ કળી લસણની પાણીમાં નાખી ૧૦ મિનિટ ઉકાળો. પાણી ઠંડુ થાય એટલે દિવસમાં ૨ વખત એનાથી કોગળા કરો. જેસ્ટી મધની અર્કની કાંડીના નાના નાના ટુકડા કરી તે ટુકડા ચૂસો અને તેનો રસ ગળા નીચે ઉતારો. લવણભાસ્કર ચૂર્ણ કે હીંગાષ્ટક ચૂર્ણ કે શીતોપલાદી ચૂર્ણ ૧ ચમચી લેવાથી પાચન થાય અને સ્વાદગ્રંથિ સક્રિય થાય. જીભમાં, તાળવામાં અને ગળાની (અંદરનું આવરણ) મ્યુકોઝામાં સ્વાદગ્રંથિ હોય છે. મોઢું સુકું રહેતું હોય તો પણ સ્વાદ ઓછો આવે. બધા જ્ઞાનેન્દ્રિયના વિકાસ અને જાળવણી માટે ગસ્ટીન હોર્મોન જવાબદાર છે. તેના માટે પુરતા પ્રમાણમાં ઝીંક શરીરમાં જોઇએ, ચણા, વટાણા, રાજમા, ડ્રાયફ્રૂટસ, પાલક, નાળિયેર, દૂધ અને દૂધની બનાવટ, આખું અનાજ, બટેટા, સકકરીયા અને ડાર્ક ચોકલેટમાંથી ઝીંક મેળવી શકાય. કાનનું ઇન્ફેક્શન, દાંતની ખરાબી અને ઓપરેશન, કેમો થેરપીને લીધે સ્વાદ પારખવાની શક્તિ ઓછી થઇ શકે. પેસ્ટીસાઇડસ્, પારકીન્સન્સ બિમારીમાં સ્વાદને અસર થાય. ભૂખ વધશે તો સ્વાદ સુધરશે. એલચી, સૂંઠ, વરીયાળી ખાવાથી સ્વાદ સુધરશે.

**૫) ત્વચા :** ત્વચા વડે શરીરને સુરક્ષા કવચ પણ મળે છે, પસીના દ્વારા શરીરના ઝેર બહાર નીકળે છે અને સ્પર્શનો અનુભવ કરી શકાય છે. આંગળીઓને ઇજા ન થાય તેનું ધ્યાન રાખીએ. કેમીકલવાળા સાબુ કે સેનેટાઇઝરથી ત્વચાને નુકશાન થઇ શકે. વાસણ, કપડા ધોવાના સાબુ, લીક્વીડ સોપ, ડીટરજન્ટથી આંગળીઓને નુકસાન થાય છે. આ બધી ચીજોમાં સોડિયમ લૌરિલ સલ્ફેટ અને ટ્રિકલોસન રસાયણ ત્વચાને નુકશાન કરે. શરીરમાં શોષાય તો કેન્સર થાય. આ રસાયણો તો શ્વાસ વાટે પણ શરીરમાં જઇ આરોગ્યને નુકશાન કરે છે. ગરમ વસ્તુ ઉંચકતી વખતે આંગળીઓ દાઝે નહિં તેનું ધ્યાન રાખવું. આંગળીઓની ચામડી વધુ બળે તો સ્પર્શની શક્તિ ગુમાવીએ. ડાયાબીટીઝના દરદીને ડાયાબીટીઝ કંટ્રોલમાં ન રહે તો મજ્જાતંતુને નુકશાન થાય છે (ન્યુરોપથી) અને સ્પર્શશક્તિ ઓછી થાય છે, ખાસ કરીને પગમાં સ્પર્શ શક્તિ ઓછી થવાથી કાંઇ લાગી જાય તો પણ ખ્યાલ નથી આવતો, મજ્જાતંતુને વધુ નુકશાન થાય તો ચાલવામાં પણ તકલીફ થાય છે તેથી નિયમિત ગોળી લઇ અને પરેજી પાળીને ડાયાબીટીઝને કંટ્રોલમાં રાખો. ડાયાબીટીઝના દરદીએ પગને બરાબર સાફ રાખવા અને મોજા, સ્લીપરનો ઉપયોગ ઘરમાં પણ કરવો. અને જખમ થયો નથી ને તે નિત્ય ચેક કરો.

આ રીતે આપણી પાંચેય જ્ઞાનેન્દ્રિયોને સંભાળીએ. આ પાંચેય ઇન્દ્રીયો મહામુલ્યવાન છે અને એક વખત આવેલી તકલીફની ખોટ સહેલાઇથી સારી નથી થતી.

## પ્રવીણભાઈ લોડાયા – એક વિશિષ્ટ વિચારક




પ્રકાશ સમીક્ષાના ૨૦મી ઓક્ટોબરના અંકમાં શ્રી પ્રવીણ લોડાયાના લેખ ''અંતિમ પડાવ''ના સંદર્ભમાં લખવાનું કે તેમણે જે લખેલ છે તેવા અનુભવ લગભગ મોટા ભાગના મનુષ્યોને, ખાસ કરીને જેઓ સંવેદનશીલ છે અને મને કમને પોતાની સાંસારિક, સામાજિક, વ્યવસાયિક જવાબદારી કે કાર્યોના કારણે પોતાની વ્યક્તિગત ઈચ્છાઓના ભોગે, જે હાથમાં લીધેલ સામાજિક કાર્યને પૂર્ણ કરવા જીવન જીવતા હોય છે તેમને થાય છે, અને જેને વર્તમાન સમયમાં લગભગ મોટા ભાગના મનુષ્ય જીવનનું સાર કહી શકાય તે છે. વર્ષ ૨૦૧૯માં એક બહુ ચર્ચાસ્પદ પુસ્તક પ્રકાશિત થયેલ The Top Five Regrets of the Dying. જેમાં અનેક લોકોના મૃત્યુ સમયે અપૂર્ણ રહી ગયેલ ઈચ્છાઓ, એષણાઓ, અરમાનો, આકાંક્ષાઓ કે કાર્યોના વિગતવાર અભ્યાસ કર્યા પછીનો જે નિષ્કર્ષ છે તે નીચે પ્રમાણે છે.

"The Top Five Regrets of the Dying." They are:
1. I wish I'd had the courage to live a life true to myself, not the life others expected of me.
2. I wish I hadn't worked so much.
3. I wish I'd had the courage to express my feelings.
4. I wish I had stayed in touch with my friends.
5. I wish that I had let myself be happier.

તેની સાથે શ્રી ભરતભાઈ લોડાયાનો ૨૦મી નવેમ્બરના પ્રકાશ સમીક્ષામાં ચર્ચાને ચોતરે વિભાગમાં 'પ્રવિણભાઈની સામાજિક સફર' વાંચીને હું શ્રી ભરતભાઈને પણ ધન્યવાદ આપું છું કે તેમણે શ્રી પ્રવિણભાઈની કેટલીક અજાણી વાતો, ખાસ કરીને વડોદરા કે.ડી.ઓ. સમાજ માટે કરેલ સુકાર્યોની નોંધ લઈને શ્રી પ્રવિણભાઈને બિરદાવેલ છે અને તેમના ચર્ચાપત્ર દ્વારા સમગ્ર કે.ડી.ઓ. જ્ઞાતિને વાકેફ કરેલ છે. શ્રી પ્રવીણભાઈ લોડાયા સાથે થોડા વર્ષો પહેલાં અવારનવાર ફોનથી સંપર્ક થતો હતો, કારણકે અમે બને પ્રકાશ સમીક્ષા માટે લેખ કે ચર્ચાપત્ર લખતા હતા. પણ વ્યક્તિગત મુલાકાત લગભગ દશેક વર્ષ પહેલાં વડોદરા કે.ડી.ઓ. સમાજ દ્વારા 'કે.ડી.ઓ. બડ્સ' નો જ્ઞાતિના ખાસ કરીને ગુજરાતના ૫-૧૫ વર્ષના બાળકો કે તરૂણો માટેના કાર્યક્રમ દરમ્યાન થયેલ. આ કાર્યક્રમના આયોજન અને સંકલન કે ગઠન બાબત તેઓ મારી સાથે સતત સંપર્કમાં રહેતા અને વિચાર વિમર્શ કરતા રહેતા અને એ તેમની મોટાઈ કહેવાય કે મારા મોટા ભાગના સૂચનો તેમણે સહર્ષ સ્વીકાર્યા અને જયારે આ કાર્યક્રમ વડોદરામાં શ્રી નિશિથ દંડ અને તેમની ટીમ દ્વારા રજુ કરવામાં આવ્યો તે પ્રસંગે તે કાર્યક્રમમાં હાજર રહેવા માટે મને વિશિષ્ટ ઔપચારિક આમંત્રણ આપેલ અને ફોનથી પણ ખાસ ભારપૂર્વક અને પ્રેમથી આમંત્રણ આપેલ. તેમની સભ્યતા, સૌજન્યતા અને નમ્રતાથી હું ખરેખર પ્રભાવિત થયેલ અને આજે પણ તેમણે એક વિદ્વાન અને વિવેકી વ્યક્તિ તરીકે માન આપું છું. અહીં એક વધારાની વાત મારા તથા મારા જેવા કેટલાક મિત્રોના વ્યકતિગત અનુભવના આધારે ઉમેરૂં છું કે સામાજિક કાર્ય કરતાં કોઈ વાર સમાજના બહોળા વર્ગના ફાયદા માટે કોઈ અન્ય વ્યક્તિ સાથે મતભેદ થાય જે સ્વાભાવિક છે; પણ કેટલીક વાર આ મતભેદ વ્યક્તિગત મનભેદમાં પરિવર્તિત થઇ જાય છે, અને જેની અસર વ્યક્તિગત સંબંધો પર થાય છે. પ્રવિણભાઈએ લખેલ છે કે થોડા પૈસા માટે વર્ષો જુના સંબંધો કે દોસ્તીનો છેહ, વિશ્વાસઘાત અને દગો એ હવે સર્વવ્યાપી બનાવો થઇ ગયા છે, જેમાંથી સમાજ, મિત્રો અને સગા સબંધીઓ પણ બાકાત નથી. પ્રામાણિકતા એ હવે લુપ્ત થતો સંસ્કાર છે .

બારેક વર્ષ પહેલાં પ્રકાશ સમીક્ષામાં મારા જ્ઞાતિને કે જ્ઞાતિના યુવા વર્ગને કેન્દ્રમાં રાખીને લખાયેલા લગભગ અડધો ડઝન જેટલા લેખો અંગ્રેજીમાં અને તેના ગુજરાતી ભાષાંતર સાથે સ્વ. આર.આર. સાથે ચર્ચા કર્યા બાદ પ્રકાશિત થયેલ. તે સમય દરમ્યાન શ્રી પ્રવીણ લોડાયાનો જ્ઞાતિને કે જ્ઞાતિના યુવા વર્ગને કેન્દ્રમાં રાખીને લખાયેલ કોઈ એક ગુજરાતી લેખનો મેં અંગ્રેજીમાં અનુવાદ પણ કરેલ. આ રીતે હું તેમના વ્યકતિગત સંપર્કમાં આવેલ. આપણી જ્ઞાતિમાં જેને વિચારક કે સ્વપ્નદ્રષ્ટા કહી શકાય તેવા મહાનુભાવોમાં શ્રી પ્રવીણભાઈ લોડાયાને જરૂર મૂકી શકાય. તેમનો 'કલમ સન્યાસ' જ્ઞાતિ અને પ્રકાશ સમીક્ષા માટે એક ખોટ કહી શકાય.

**– પ્રવિણચંદ્ર શામજી ધરમશી (શાહ)**, કોઠારા-સુરત
મો. 99789 03247

---

## જ્ઞાતિજનોને સહાયરૂપ થવા ફંડ ઉભું કરીએ

પ્રકાશ સમીક્ષાના તા. ૫-૧૧-૨૦ના અંકના તંત્રી લેખમાં ''કોરોના કાળમાં ઘણાં જ્ઞાતીજનોની નોકરી છૂટી ગઇ છે કે ઓછા પગારે કામ કરવું પડે છે તેવા જ્ઞાતિજનોને આર્થીક રીતે મદદરૂપ થવાની જરૂર છે'' એ બાબતના આપના મંતવ્ય દર્શાવતો લેખ વાંચ્યો. આપણી સંસ્થા શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજન – મુંબઇ જેમ મેડીક્લેઇમ કહો કે સંજીવની સ્કીમ હેઠળ મેડીકલ ફંડ ઉભું કરે છે અને જ્ઞાતિજનોને સહાયરૂપ થાય છે તેમજ આપશ્રીએ જણાવેલ જરૂરીયાત મુજબનું ફંડ જ્ઞાતિજનો માટે ઉભું કરી શકે. તો આ બાબત વિચારણા કરી શકાય અને આ માટેના જરૂરી પ્રયાસો કરી શકાય.

**– નરેન્દ્ર શામજી શાહ (દંડ)**, તેરા-મુલુંડ
મો.: 90043 91413

## શ્રી પ્રવિણ ભારમલ લોડાયા (વડોદરા)ને ખુલ્લો પત્ર

પ્રિય પ્રવિણભાઈ,

જય જિનેન્દ્ર

પ્ર.સ.ના અંક ૦૬, તારીખ ૨૦/૧૦/૨૦માંથી પસાર થઈ રહ્યો હતો. અને ''વિચાર વર્તુળ'' હેઠળ ''અંતિમ પડાવ''નાં શિર્ષકથી આપના લેખ ઉપર નજર પડી અને હું અતીતના વૃંદાવનમાં સરી પડ્યો.

લગભગ ૨૦૦૭માં કોઈક કારણસર વડોદરા આવવાનું પ્રયોજન થયું. આપના પ્રકાસ સમીક્ષામાં આવતા લેખોના કારણે મળવાનું મન થયું. આપની પાસે મુલાકાતનો સમય માંગ્યો તો સામે પ્રશ્ન કર્યો ''કઈ ટ્રેનથી આવો છો ? સ્ટેશન પર મળીશ.'' આપને વિનંતી કરી કે રાવપુરામાં આવેલ અતિથિ ગૃહમાં તૈયાર થઈ હું અને મારા પત્નિ આપના સરનામે પહોંચી જશું. પણ આપ ટસના મસ ન થયા અને આપના કુટુંબીજનોનો આતિથ્ય સત્કારનો લ્હાવો મળ્યો જે આજે પણ મનમાં ધરબાઈને પડ્યો છે. એકાદ કલાકની ટુંકી મુલાકાતમાં જુદા-જુદા ગમતા વિષયો પર ચર્ચા કરવાની મજા પડી. મારા અને આપનાં શ્રીમતીજી વ્યવહારીક વાતોમાં મશગુલ થઈ ગયા અને આપનાં કીચનમાં સ્ટોર (Store) કરવા માટે બનાવેલ ફર્નિચરની ડિઝાઈન ગમી ગઈ. અમારા કીચનમાં તે ડિઝાઈનથી બનાવેલ રોટેટીંગ સ્ટોરેજ સ્પેસ ઉત્તમ કામ આપે છે.

પ્રબુધ્ધ જીવનના અંકોમાં છેલ્લા પાના પર આવતી ''આ જો હોય મારો અંતિમ પત્ર'' લેખમાળા કે મુંબઈની કેટલીક વ્યાખ્યાન માળાની શ્રેણી ''આ જો હોય મારું અંતિમ વ્યક્તત્વ'' વાંચી છે / સાંભળી છે પણ તેમાં ૭૩ મણનો ''જો'' અને ''તો'' હોય છે. વાંચવાવાળા અને સાંભળવાવાળાને વિચારવંતો કરવાનો એક પ્રયાસ હોય છે.

તમારા, મારા અને આપણા જેવા સતત કાર્યશીલ રહેનારી વ્યક્તિઓ માટે સાહિત્યની દૃષ્ટ્રિએ ભલે ''અંતિમ પડાવ''નો લેખ ''વિચાર વર્તુ'' માટે ભલે કંડારીએ પણ સાચેસાચ જ્યાં સુધી અંતિમ પડાવ આવે ત્યારે શારીરિક અને માનસિક રીતે સબળ હોઈએ તો પ્રવૃત્તિમાંથી નિવૃત્તિ લઈ જ ના શકીએ. આ મારું મંતવ્ય છે.

આ ક્ષણે મને ગુજરાતી સાહિત્યના અમર શાયર ''શૂન્યપાલનપુરી''નો શૅર સ્મૃતિપટ પર છવાઈ જાય છે.

**''જિંદગીની સમી સાંજે ડાયરીનાં પાનાં જોવા તા;**
**બહુ ઓછા પાનાં જોઈ શક્યો,**
**બહુ અંગત અંગત નામ હતાં.''**

બાળપણની જિંદગીના આકાશમાં જ્યારે ભાનુદેવે પ્રવેશ કરેલો ત્યારે આકાશ ઉષાના રંગોથી છવાઈ ગયેલું. હાલમાં જીવનની સમી સાંજે સંધ્યાદેવી પોતાના પાલવમાં અવનવા રંગ ભરી અસ્તાચળ તરફ પ્રયાણ કરી રહી છે. અંતિમ પડાવની પૂર્વ ક્ષણે જિંદગીનાં લેખા-જોખા કરવાનો સમય હોય છે. આપણું સરવૈયું જુદી જ જાતનું હોય છે. આપણે સામાન્ય માણસથી થોડા ઉફરા થઈને ચાલીએ છીએ. આપણા વિચારો સાથે ઘણાનાં વિચારો ભળતા નથી તેથી આપણે ટીકાનાં પાત્ર બનીએ છીએ. આપણી વિચારશ્રેણી ''નવી કેડી કંડારવા સર્જાયેલી છે'' આપણને ચીલાચાલુ માર્ગો પસંદ પડતા નથી તેથી કહેવાતા ધર્મરક્ષકો કે સમાજરક્ષકોના ચોકઠામાં ફીટ થતા નથી.

તમારા લેખને ઉપરછલ્લી નજરે વાંચતા તેમાં નિરાશાનાં સુરો સાંપડ્યા. તમારા બધા લેખો તો મેં ઉંડાણથી વાંચ્યા નથી, પણ જેટલા વાંચ્યા છે તે તલસ્પર્શી અને વિચારોનાં વર્તુળમાં ધકેલી દે છે. બીજા-ત્રીજા વાંચન પછી તમારા વિચારોમાં સંવેદનાથી સભર, પ્રેરણાત્મક વિચારોની, ગતિશીલ નદીની પ્રતિતી થઈ, જે બે કાંઠે વહી રહી છે. ઉદાહરણ તરીકે *''નિરર્થક ચર્ચા, કૂથલી, ગંદુ રાજકારણ, સમાજની નજરે મારી મૂલવણી થાય કે ન થાય તેની પરવા ત્યજી હું માત્ર નિજાનંદ, જીવન ધ્યેય માટે બાકીનું જીવન જીવીશ.''* બસ, આ જ તમારું ચિંતન તમને આત્મ સંતોષની ઉપલબ્ધિ કરાવશે.

તમારા લેખ માંથી પસાર થતાં-થતાં મને લાગ્યું છે કે સમાજ પ્રત્યેથી તમને ઘણી વખત કડવા અનુભવ સહન કરવા પડ્યા છે. સમાજમાં પ્રવૃતમાન વિકસી રહેલ દંભીપણાએ તમને વ્યથામાં ધકેલી દિધેલ છે. અહીં મને ગુજરાતી સાહિત્યના અદ્ભુત કવિ શ્રી રાજેન્દ્ર મહેતાની કવિતા યાદ આવે છે.

***''આપણી વ્યથા, અવરને મન રસની કથા,***
***ઈતરના કંઈ તથા;***
***જીરવી એને જાણીએ વીરા !***
***પ્રાણમાં જલન હોય ને તોયે***
***ધરીએ શીતલ રૂપ,***

*બોલીએ ના કંઈ,*
*આપણું હૃદય ખોલીએ ના કંઈ.''*

પણ આપણે રહી શકતા નથી. વિચારોનું ધમાસાણ યુદ્ધ આપણા મગજમાં અવતરે છે અને લેખની રૂપે પ્રગટ થાય છે.

તમારા પત્રના દરેક ફકરામાં પહેલા નિરાશા તે પછી આશાના અમર સુરો સંભળાય છે. એ આશાના સુરો ફક્ત મારા નહીં, અનેકનાં કાનોમાં ગુંજશે. મારા મિત્ર વર્તુળોમાં પણ કેટલાક સમબૌધિકતા ધરાવતા પાસે આવા જ સુરો સાંભળવા મળ્યા છે. તમારો પત્ર ઘણા માટે કદાચ જીવનનો રાહબર બનશે. તમે વર્ણવેલા ખાટા-મીઠા અનુભવો માર્ગદર્શન કરશે. પણ મિત્ર ભાવે કહું તો તમારા પત્રની છેલ્લી પંક્તિઓથી હું સંમત નથી જેમકે "હવે તબિયતના કારણે હું લેખ લખી શકતો નથી" તબિયતથી આપણું શરીર લાચાર થાય, મન નહીં.

પ્ર.સ.ના જુના અંકો માંથી પસાર થતા (૧) શ્રી દેવજી દામજી ખોના, (૨) શ્રી પ્રવિણ ખોના, (૩) શ્રી તિલકચંદ કે. લોડાયા, (૪) ડૉ. વિરચંદ લખમશી નાગડા, (૫) શ્રીમતી નિલમ મોમાયા (ચાલીશ ગાંવ), (૬) શ્રી હિમાંશુ સી. શાહ (૭) ઝુકી તો જવાય નાં સ્વ.શ્રી લહેરચંદ વેલજી મૈશેરી, (૮) સ્વ. શ્રી ચંદ્રસેન મોમાયા, (૯) સ્વ.શ્રી ચંપક જીવાણી, (૧૦) સૌ. ખમા (પુનમ) પ્રફુલ્લ મોમાયા (નાગપુર), (૧૧) શ્રી લક્ષ્મીકાંત ભવાનજી લાપસીયા (જલગાવ) લેખકોએ જુદા જુદા વિષયો પર પોતાની કલમ ચલાવી સમાજને પ્રગતિના પંથ પર સમતોલનમાં રાખ્યા છે અને તે પણ ટીકા કે કુથલી થી ડર્યા વગર. પ્ર.સ.ની "ચર્ચાને ચોતરે" કૉલમ એટલે જ તો સુસંવાદ થી સભર હોય છે.

તમે જે નવો સંકલ્પ કર્યો છે "હવે હું એવા વ્યક્તિઓ અને સમૂહ જોડે જ વધુને વધુ સમય અને સંપર્ક રાખીશ કે જેઓમાં માનવીય અભિગમ, ઉદારતા, પ્રામાણિકતા, તેમની ભૂલ સ્વીકારવાની સરળતા, સંવેદના, સભ્યતા અને સાલસતા સમાયેલી હોય." આ મિત્ર વર્તુળ સાથેની ચર્ચામાં તેમના અનુભવોમાં ઘણું જાણવાનું મળશે. આ મિત્રો વિચારી શકે છે, પણ પોતાના એ વિચારોને મઠારીને લખી શકતા નથી. તમે તેમના વિચારો માટે **''ટેકણ લાકડી''** બનો એ મારી પ્રભુને અભ્યર્થના.

તમારા જ પત્રમાં તમે જણાવ્યું છે કે ***''મારા ગમતા શોખ, ખ્વાહીશ અને અવનવા ખેડાણ ખેડીશ. આના માટે સૌથી અનિવાર્ય એક જ બાબત છે કે નિરર્થક કંઈ કરવું નહીં.''***

ભલે નિરર્થક કાંઈ કરતા નહીં પણ સાર્થક તો કરવું જ પડશે. તે માટે પ્રભુને પ્રાર્થના કે તે માટે સુસ્વાસ્થય અને મજબુત મનોબળ પુરું પાડે.

અહીં ઉર્દૂ શાયરીના બેતાજ બાદશાહ ગાલીબનો એક શૅર યાદ આવે છે...

''हजारों ख्वाहिशे एसी कि हर ख्वाईश पे दम निकले;
बहुत निकले मेरे अर्मान, लेकिन फिर  भी कम निकले।''

ડોંબીવલીમાં ૧૯૭૭થી ૧૯૯૯ સુધી સામાજિક ક્ષેત્રે એટલે કે રોટરી ક્લબમાં, શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબીવલીના સ્થાપના નિમિતે તેમજ તેનું સુચારૂ અન્ય ટ્રસ્ટીઓ જોડે સંચાલન કરી મંડળને પ્રગતિના પંથે મુકવા માટે અથાગ મહેનત કરવી પડી અને કુટુંબીજનોના સમયનો ભોગ લેવાયો. બીજાના સુપુત્ર-સુપુત્રીઓને સ્કુલ / કોલેજમાં દાખલ કરાવવા લાગવગ વાપરી પણ પોતાના બાળકોને પ્રવેશ માટે શાળામાં તેમના માતાજીને ધક્કા ખવડાવ્યા.

૨૦૦૩માં નોકરીમાંથી નિવૃત્ત થતા એ પરિસ્થિતીને અલવિદા કહી કુદરતી સૌંદર્યથી સભર, ઐતિહાસિક કથાઓથી ભરપુર અને જ્યાં રેયાણ કરવા માટે કચ્છી કવિઓ અને લેખકોની મુલાકાત ગોઠવાય છે એવા કચ્છમાં નિજ સંતોષ થાય તે રીતે પ્રવૃત્ત રહી નિવૃત્તિનો આનંદ માણું છું.

આપથી ઉંમરમાં એકદ વર્ષ નાનો છું, પણ લેખની છુટી શકે તેમ નથી. સમાજના ઘણા વિપરીત મુદાઓ સતાવે છે અને જાગૃતિ લાવવા માટે સમબૌદ્ધિકતા ધરાવતા મિત્રો સાથે કંઈક કરવાની તમન્ના છે.

મારા અત્યંત પ્રિય શાયર ગાલિબનો શૅર ટાંકીને વિરમુ છું પણ મિત્ર ભાવે વચન આપો કે લખતા રહેશો. શારીરિક નબળાઈને માનસિક નબળાઈમાં નહીં પલટાવો.

''रहिये अब एसी जगह चल कर जहाँ कोई न हो;
हमसुखन कोई न हो, हमजबां कोई न हो ।''

એજ લી.
સોમ ધરમશીના સસ્નેહ હાર્દિક સંભારણા...

BEING JAIN

# A Navkar a day, keeps misery away

**- Shilpa Ajani** (B.com, DG, FGA (Lon), FFIG)



Year: 1947, Place: riot– ridden Calcutta of pre-partition times; the house of one Shri Liladharbhai, a devout Jain Shravak.

It was the third day of "Great Calcutta Killing," during the massive Hindu-Muslim riots in the capital of Bengal. Liladharbhai understood the gravity of the situation when he witnessed the rioters raiding his opposite block. Not only were victims brutally killed, they were also severely mutilated. Realising that death was at his doorstep, he decided to pray for a dignified end for himself and his family by chanting the Navkar Mantra to steer the souls towards "Sadgati". A miracle unfolded as the chanting went on. The worn out, wooden gate of Liladharbhai's house withstood the rioters' attack as though it was made of iron! A mysterious connection with the divine was established and suddenly a military van materialised outside the gate of Liladharbhai's house! Seeing the tables turned suddenly; the rioters ran for their lives while the military personnel escorted the trapped family to safety.

There are innumerable such stories of the amazing grace of the Navkar. Is that the reason why the Navkar chant is known as a Mahamantra? What is so special about it? Through the Navkar, five paramapadas or supreme soul-states are worshipped without worshipping any individual. The summiteers (Arihant and Siddha) and the seekers (Sadhus, Upadhyayas and Acharyas), who are the symbols of right vision, knowledge, conduct, penance and liberation ie. Samyak Darshan, Gyaan, Charitra, Topa and Moksha, attain these five states. This chant is a humble salutation to Five Supreme Beings (Panchparmeshti). It is a selfless expression of adoration and reverence for their spiritual excellence with the only desire to imbibe their virtues! The Navkar is therefore known as a Mahamantra.

Navkar Mahamantra is the universal mantra of all Jains. Divided into many panthas and gachhas, (sects as well as sub-sects), the entire Jain community accepts it with great faith and spiritual pride and thus stays strongly unified. Every Jain-whether young or old, rich or poor, literate or illiterate, knows the Navkar like every Indian knows the National Anthem. It is the core mantra of Jains from time immemorial. The wisdom of a million of verses is condensed and contained in the small Navkar mantra. Due to this, it is considered as the essence of all the Jain scriptures.

Navkar mantra is believed to drive away negative energy, paving the way for happiness and peace. Jains all over the world recite it at the initiation of all auspicious occasions. Each of its utterances is a treasure of inexhaustible power. Navkar Mahamantra is a super-healer. Reciting Navkarmantra creates vibrations which regulate "Surya Shakti" and "Chandra Shakti" flowing through the human body and control the five elements present in every cell. It activates the various energy centres in the body. It destroys inauspicious Karma, promotes peace happiness and overall well being for all life forms.

So deep is the faith of the Jains on the Navkarmantra that the following news appeared in the JAINA Newsletter of June 2020: "On May 31, 2020, over 10 lakh Jains from across the globe recited Navkar Maha Mantra for 1,12,09,53,816 times. Navkar Mantra Jaap on such a huge scale was organized for the first time ever in history. With a singular goal to send peace to mother earth and relief to Coronavirus tormented humans across the globe, millions of Jains recited Navakar Maha Mantra from their homes."

What is the secret of this unshakeable faith? The reason is that the wisdom of a million of verses is condensed and contained in the small Navkar mantra. Due to this, it is considered as the essence of all the Jain scriptures. In short, the depth of meaning and the glory of Namaskar Mahamantra is infinite and limitless.

* * *

Over View

## COUNTER POINT
## IT IS INEVITABLE: KDO COMMUNITY WILL ALMOST VANISH

**Tilakchand K. Lodaya,** Chennai.
(Former Chief Commissioner of IncomeTax) Mob.: 99406 36646



I have been writing since years, after carefully considering the facts and figures of the growth of our community, and highlighting that our community will vanish substantially in decades, unless we take proactive steps to preserve the community of about 30,000 strong. Few other KDOs also write on this subject, signalling the red.

Now I present a counter viewpoint based on the realities of life, social evolution of communities, societies and nations, which indicate thst reduction in KDO population is written on the wall. The growth or sustainance of KDO population is facing strong headwinds compelling even optimists to draw a dismal picture for the following reasons, which are also applicable to many social groups:

1. Present day youngsters in developed social groups strongly believe in 'one child or maximum two children policy', if not 'no child policy' for various reasons. Convincing them otherwise is a Herculean task. This propels negative growth of the population. This year the deaths are likely to touch an all time high figure of 400. Whereas the births may not touch even a figure of 200.

2. Hands of a clock cannot be turned back. One may be strongly against Inter-caste marriages. But they are happening and will take place on an increasing scale.

The girls who comes in the community have least involvement and attachment to the community. Whereas the KDO girls, who go out of the community are excluded from the community. Thus, the candle of the community is burning from both sides. Consequently, it will hasten the process of vanishing.

3. Most of the second generation KDOs residing abroad have no inclination towards community brotherhood. It is not their fault. Circumstances are such. Hence, they are KDOs for statistical purposes only.

4. Similarly, there is a large section of the community, especially in metropolitan cities, who are either not interested in or are indifferent to the community for whatsoever reasons. They live in their own world. So they have drifted away from the community. Only their names are in Vasti Patrak for academic purpose.

5. Our community has gradually transformed itself in to a Job- oriented social group as against Business - oriented community. Imponderables and uncertainties of business need social co-operation and mutual dependence. Jobs have reduced such requirements and so for them the need of the community has become less and less. Jobs make us self-oriented preferring inclusive growth. So the community is not at all in the priority list.

6. Even if youngsters have interest in the community and related work, it simply disappears because of the environment and it's stifling work culture due to the age-old habits of finding faults, leg pulling and unwanted criticism. So they find it happy to remain away from the community.

7. Socially the respect which Laxmi commands over Sarswati hurts egos of educated people. Consequently they remain aloof from the community and create their own circle. So, though they are KDOs, the community is unable to have any benefit from their talents and they get reduced from the community pool for most of the purposes.

8. With lesser births our community has aged fast. So the deaths are more. Hence, the population of our community is reducing by about 150 individuals per annum.

9. Even if monetary etc. incentives are given, the expenses and other challenges of bringing up a child are far more. So this incentives do not attract to have more children.

10. It's a law of nature that what grows has to decay. The history of the world is full of examples of rise and fall of individuals, societies, dynasties and nations. Our community can not be an exception and it's population peaked in Eighties. Now it is on a downward slide.

In view of the above, though our population is about 30,000 for statistical purposes, in real terms it may be about 20,000 only.

For the above reasons let us keep our sentiments aside and face the hard facts that the population of KDOs will drastically reduce over the years and with less and less people interested in its activities, our great great grand children may have to say

"WONDER, THAT WAS KDO COMMUNITY."

***

## જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.

### શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન યુવા મંડળ, રાયપુર

શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓશવાલ જૈન યુવા મંડળ રાયપુર દ્વારા શ્રી રત્ન ગુણ ઉત્તમ વાસુપૂજ્ય ગૃહ ચૈત્ય જિનાલયની પ્રથમ વાર્ષિક ધ્વજા નિમિત્તે બાલિકા આશ્રમમાં કોપી, પેન, પેન્સિલ અને વિવિધ સ્ટેશનરીનું વિતરણ કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં કુ. નમ્રતા ચેતન છેડા તથા કુ. હર્ષિતા ચંદ્રેશ છેડાનો વિશેષ સહયોગ મળ્યો.

### મોટી સિંધોડી ગામે ગુરૂ ભગવંતોના પાવન પગલા



અચલગચ્છાધિપતિ, પ.પૂ. આ.ભ. શ્રીમદ ગુણોદયસાગરસૂરીશ્વરજીના શિષ્ય રત્નો પ.પૂ. મુનિરાજ શ્રી હિતવર્ધનસાગરજી મ.સા. તથા પ.પૂ. મુનિરાજ શ્રી પ્રિયંકરસાગરજી મ.સા. એ ક્ષેત્ર સ્પર્શના કરેલ. આ પ્રસંગે મુંબઈથી સંસ્થાના ચેરમેન શ્રી મુકેશભાઈ લોડાયા, ટ્રસ્ટીશ્રી દિનેશભાઈ મૈશેરી, આદિપુરથી યુવા અગ્રણી શ્રી ચેતનભાઈ મૈશેરી, ગામના અગ્રણી શ્રી વાલજીભાઈ ગઢવી સહિત ગ્રામજનોએ પૂજ્યશ્રીનું સામૈયું કરેલ. નૂતન જિનાલય બાબતે પૂજ્યશ્રીઓએ સુંદર માર્ગદર્શન આપેલ.

કાર્યક્રમને સફળ બનાવવા માટે કલ્પનાબેન તથા જયેશભાઈ મૈશેરી, નિર્મળાબેન તથા લહેરચંદ મૈશેરી પરીવારે સારી જહેમત ઉઠાવેલ.

### શ્રી કે.ડી.ઓ.જૈન સમાજ વડોદરા

શ્રી કે.ડી.ઓ. જૈન યુવા મંચ દ્વારા તા. ૧૯-૯-૨૦ના કે.ડી.ઓ. ભવનમાં નિઃશુલ્ક કોરોના રેપિડ ટેસ્ટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ૯૦ જ્ઞાતિજનો એ લાભ લીધો. જે સભ્યો પોઝીટીવ આવ્યા તેમને સમયસર સારવાર મળવાથી સ્વસ્થ થઇ ગયા.

જે સભ્યોની કોરોના કવચ મેડીકલ પોલીસી ન હતી એવા ૫૬ જ્ઞાતિજનોને સમાજના વેલફેર ફંડમાંથી પ્રિમિયમના ૫૦ ટકા રકમ આપી પોલીસી લેવામાં આવી જેમાં શ્રી કેતનભાઈ ભારમલ લોડાયા અને માતુશ્રી રતનબેન કાંતિલાલ શાહ પરિવાર (ટીકીટાર ઈન્ડસ્ટ્રીઝ) એ આર્થિક સહયોગ આપ્યો

સમાજે વડોદરામાં સવિતા સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ સાથે સમજૂતી કરેલ જેમાં સમાજના કોરોના પોઝીટીવને કેશલેસ અને સારામાં સારી સારવાર મળી રહેશે. અત્યાર સુધી ૬ સભ્યોએ લાભ લીધો છે. ઉપરોક્ત કાર્યમાં શ્રી કેવલ વિકમશી એ ખુબજ જહેમત લીધેલ છે.

### સાંધાણ ખાતે ૧૮ અભિષેક તેમજ ધ્વજા મહોત્સવ



કચ્છની મોટી પંચતીર્થીમાં અબડાસા સ્થિત સાંધાણ તીર્થ ખાતે માગસર સુદ ૨ ના રોજ ૨ દિવસીય ૧૮ અભિષેક તેમજ ધ્વજા મહોત્સવ પ.પુ. મુનીશ્રી પ્રિયન્કરસાગરજી મ.સા., પ.પુ. મુનીશ્રી હિતવર્ધનસાગરજી મ.સા. ની પાવન નિશ્રામાં વિધિકાર શ્રી નરેન્દ્રભાઈ નંદુ ની સંગાથે સંપન્ન થયેલ.

### કોઠારા પધારેલા મુનિભગવંતોનું સ્વાગત કરાયું



તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન પ.પૂ. મુનિરાજ શ્રી રાજરત્નસાગરજી મ.સા., પ.પૂ. મુનિરાજ શ્રી

### લગ્ન સંબંધી

જન્મ ૧૯૮૭, નિર્દોષ છુટાછેડા થયેલ. યુવક Non-Matric, પોતાનો સ્વતંત્ર ધંધો છે. યુવક માટે કન્યા તથા છુટાછેડા થયેલ કન્યાના માતા-પિતા સંપર્ક કરે.

સંપર્ક : પ્રફુલ્લચંદ્ર ચાંપશી નાગડા

**98212 27329 / 93212 27329 / 90820 61315**

ભાગ્યોદયસાગરજી મ.સા. આદિ ઠાણા અબડાસા પંચતીર્થીના કોઠારા તીર્થે પધારતા, કોઠારા જૈન પાઠશાળા પાસે શ્રી કોઠારા જૈન સંઘ દ્વારા સ્વાગત કરાયું હતું.

ઉપાશ્રયે પહોંચી પૂ. રાજરત્નસાગરજી મ.સા.એ માંગલિક શ્રવણ કરાવ્યું હતું. પૂ. ભાગ્યોદયસાગરજી મ.સા.એ દેવ અને ગુરૂનો મહિમા સમજાવ્યો હતો. માસ્ક તથા રોગપ્રતિકાર શક્તિ વર્ધક હોમિયોપેથીક ગોળીઓનું વિતરણ કરવામાં આવેલ. પ્રબોધ મુનવર, ધનપતિ લોડાય, પ્રદિપ મુનવર, દિનેશ મોતા, વર્ધમાન લોડાયા, ગુલાબ મોતા, હીરાલાલ જીવાણી, જયાબેન મુનવર, રમીલાબેન લોડાયા, વિમલાબેન લોડાયા, સરલાબેન મોતા, પુષ્પાબેન અજાણી, મુક્તાબેન સોની, ભાવનાબેન, કાન્તાબેન તથા શ્રાવક-શ્રાવિકાઓ ઉપસ્થિત રહ્યા હતા.

વ્યવસ્થામાં કાન્તીલાલ લાલકા, નીલેશ લોડાયા, ગણેશ ગોસ્વામી, મહેન્દ્ર ડાઘાએ સહકાર આપ્યો હતો.

**શ્રી મોમાયા માતાજી વરાડીયા ચેરીટેબલ ટ્રસ્ટ**

હાલની પરિસ્થિતિ અને સરકારી આદેશોને લક્ષમાં લેતાં મુંબઈમાં યોજાતી વરાડીયા મોમાયા પરીવારની મોમાઇ માતાજીની સમુહ પહેડી પોષ સુદ ૧૩ મંગળવાર તા. ૨૬-૧-૨૦૨૧ના રોજ રાખવામાં આવેલ નથી. દરેક ભાવિકોને નમ્ર વિનંતી કે પોતાના ઘરે ભક્તિભાવથી એ દિવસે પહેડી કરે. આ વખતે સમુહ પહેડી તથા ગંધી બદલવાનો કાર્યક્રમ એપ્રીલ મહીનામાં વરાડીયા મુકામે યોજાશે જેની યોગ્ય માધ્યમ દ્વારા ભાવિકોને જાણ કરવામાં આવશે.

**માનવજ્યોત અને પાલારા રામદેવ આશ્રમ - ભુજ**

ભુજની માનવ જ્યોત સંસ્થા અને પાલારા રામદેવ આશ્રમ દ્વારા પ્રબોધ ભાઇ મુનવરની આગેવાની હેઠળ વિકલાંગ વ્યકિતઓને ટ્રાઈ સાઇકલ, રાશન કિટ, ધાબળા અને મિઠાઇ આપવામાં આવી હતી.

**નગરસેવિકા નેહલ શાહનું સંપર્ક કાર્યાલય**

વૉર્ડ નં. ૧૭૭ ના નગરસેવિકા નેહલ શાહનું સંપર્ક કાર્યાલય ૩૨૩ એ, ભગત ભવન, ભવાનજી અરજણ ખીમજી માર્ગ, માટુંગા (પૂર્વ), મુંબઈ-૧૯.



**હાર્દિક અભિનંદન**

**ઍડ. મીનલબેન ભરત ખોના**

લેડીઝ વિંગના નેશનલ વાઇસ ચેરપર્સન તરીકે નિયુક્ત થયા તે કે.ડી.ઓ. જ્ઞાતિ માટે ગૌરવપ્રદ છે. પ્રકાશ સમીક્ષાના અભિનંદન

## લગ્ન સંબંધી



**Personal Details :**

Name : **Bhupesh Jivraj Dand**

| | |
|---|---|
| Year of Birth | : 1970 |
| Height/Weight | : 5'6"/ 69Kgs |
| Qualification | : Chartered Accountant |
| Languages Known | : Kutchi, Gujarati, Telugu, Hindi and English |
| Residence at | : Hyderabad (Owns 3-bedroom flat) |
| K.D.O. VP No. | : PRDD030061 |
| Occupation | : Partner in M/s. R.B. Kabra & Company, Chartered Accountants |
| Contact Person (Sisters) | : Priti Dinesh Gosar Tel.: 040-24750662 (Hyd) Jagruti Chetan Mota Cell : 96194-30397 (Mum) |

**Family at Home :**

| | |
|---|---|
| Mother | : Smt. Manorama Jivraj Dand |
| Son | : Yash Bhupesh Dand (Age 23 Yrs) |
| Father | : Late Jivraj Mulji Dand (Passed away 2016) |
| Wife | : Late Jyoti Bhupesh Dand (Passed away 2018) |

**References :**

: • Shri Narendra Jaychand Nagda (Brother-in-Law) 97693 40660
• Shri Viren Shivji Mota (Cousin Brother) 98856 55043
• Shri Ashok Kabra Boss (at work) 99890 22812

## મૈશેરી નુખના શ્રી આશાપુરા મા ને નમતા ભાવિકોને સાદર આમંત્રણ

**જખૌ સ્થાનકે શ્રી માતાજીની ભોઇમા તથા શ્રી ભલારા દાદાના ભુઆની ગંધિ તથા પાંચમી પહેડી પ્રસાદ પ્રસંગે આપ સહુને પધારવાનું સપ્રેમ આમંત્રણ**

કચ્છ જખૌ નીમ ફરિયામાં બિરાજમાન શ્રી આશાપુરા માતાજીને નમતા મૈશેરી કુટુંબના ભાવિકોને જણાવવાનું કે ચૈત્ર સુદ ૧૪ **તા. ૨૬ એપ્રિલ ૨૦૨૧** તથા ચૈત્ર સુદ પૂનમ **તા. ૨૭ એપ્રિલ ૨૦૨૧** આમ ૨ દિવસના કાર્યક્રમનું આયોજન રાખેલ છે. સર્વે ભાવિકો તથા નિયાણીઓને સહકુટુંબ જખૌ પધારવાનું હાર્દિક આમંત્રણ છે. બધાજ ભાવિકોને તા. ૨૫ એપ્રિલ ૨૦૨૧ને રવિવારના સાંજ સુધી જખૌ આવી જવા વિનંતી.

**-: કાર્યક્રમની વિગત :-**

ચૈત્ર સુદ ચૌદસ ને **સોમવાર તા. ૨૬ એપ્રિલ ૨૦૨૧**
સવારના ૯ કલાકે પાંચમી પહેડી
**શ્રી ભરત ગોવિંદજી મૈશેરી**, જખૌ હાલે હાલોલ તરફથી...
સાંજે ૭.૩૦ કલાકે શ્રી ભલારા દાદાનું પાઠ
**શ્રી રમેશ વેલજી મૈશેરી**, જખૌ તરફથી...
ચૈત્ર સુદ પૂનમ **મંગળવાર તા. ૨૭ એપ્રિલ ૨૦૨૧ને**
સવારના ૯ કલાકે માતાજીના ભોઇમાં તથા ભલારા દાદાના ભૂઆની ગંધી બદલવાનું કાર્યક્રમ સમસ્ત મૈશેરી પરિવાર તરફથી...

લી. **ભોઇમા રાજુલા રમેશ મૈશેરી**

નોંધ : કાર્યક્રમ દરમ્યાન કાળા વસ્ત્રો અથવા કાળી વસ્તુઓ વાપરવી નહીં.
તા. ૨૫-૪ સાંજથી ૨૭-૪ સાંજ સુધી કેટરિંગની વ્યવસ્થા રાખેલ છે.

સંપર્ક : **શ્રી રમેશ વેલજી મૈશેરી** - મો. **98255 49939**
**શ્રી મહેન્દ્ર ઉમરશી મૈશેરી** - મો. **99671 50987**

## કચ્છ વિકાસ - ૨.૦ : એનર્જી પાર્ક, ડીસેલીનેશન પ્લાંટ, મિલ્ક ચિલિંગ યૂનિટ

માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીજી એટલે કચ્છના તારણહાર, ૨૦૦૧ના ધરતીકંપના કારણે વિનાશની ગરતામાં ધરબાઇ ગયેલા કચ્છમાં એમણે વિકાસની વિરાટ તકો સર્જી નાખેલી અને કચ્છ વિકાસ ૨.૦ દ્વારા એનર્જી ક્ષેત્રે વિશ્વના સૌથી મોટા એનર્જી પાર્કની કચ્છના રણમાં સ્થાપના કરવાની યોજનાનું શિલાન્યાસ કર્યું છે. એ ભેંકાર, નિર્જન અને ઝાડપાન રહિત ધરતીને સોનાની ખાણ બનાવી નાખી છે. આમ વીજળીમાં હાઇ બ્રિડ પાવર જનરેશન યોજના દ્વારા દેશની વિદ્યુત જરૂરતોની પૂર્તી માટે મોટું આયોજન કર્યું છે.

કચ્છની બીજી સમસ્યા છે પાણીની એ માટે એક વિરાટ ડીસેલીનેશન પ્લાંટનું ભૂમિપૂજન ગઢશીશાના આંગણે કર્યું છે. આથી માંડવી અબડાસા અને લખપતની પાણી સંબંધી જરૂરિયાત મોટા અંશે પૂરી થશે. આ ડીસેલીનેશન પ્લાંટમાં દરિયાનું પાણી શુધ્ધ કરી ખેતી, ઉદ્યોગ અને પીવાના કામમાં લેવાશે. સૌરાષ્ટ્રમાં પણ ત્રણ ડીસેલીનેશન પ્લાંટનું ભૂમિપૂજન કર્યું છે.

આ ઉપરાંત બે લાખ લીટર દૂધની ક્ષમતાવાળા ચિલિંગ પ્લાંટનું ભૂમિપૂજન પણ કર્યું છે.

## વિરાટ એનર્જી પાર્કનું અર્થતંત્ર

નવા જમાનાની ટેક્નોલોજી અને અર્થતંત્રની દિશામાં કચ્છના વિરાટ પગલાંની વાત માંડતા નરેન્દ્રભાઇ મોદીએ જણાવ્યું હતું કે આ એનર્જી પાર્ક ૭૩૦૦૦ હેક્ટર વિસ્તારમાં નિર્માણ પામશે. જે સિંગાપોર અને બહેરીન જેવા દેશો કરતાં પણ મોટો છે. લગભગ દોઢ લાખ કરોડ જેટલું મોટું રોકાણ આવશે. કચ્છના યુવાનોને રોજગાર મળવાની સાથે સીમાડા સુરક્ષિત બનશે. એનર્જી પાર્ક કાર્યરત થતાં દર વર્ષે પાંચ કરોડ ટન કાર્બન ડાયોક્સાઇડનું ઉત્સર્જન ઘટાડી શકાશે.

ગઢશીશા ડીસેલીનેશન પ્લાંટ (માંડવી) ખાતે સ્થાપિત થઇ રહેલા ડીસેલીનેશન પ્લાંટનો લાભ માંડવી, મુંદરા, અબડાસા અને લખપતને મળશે. આ પ્લાંટની ક્ષમતા ૧૦૦ એમએલડી (૧૦૦૦ લાખ લીટર દૈનિક)ની છે. આ પ્રકલ્પની ઉદ્‌ઘાટન તક્તી સંસ્કૃતમાં તૈયાર કરાઇ છે.

## નૈસર્ગિક આરોગ્યધામ - કચ્છ

એ કોઇ ધંધાદારી આરોગ્યધામ નથી પણ કુદરતે જ કચ્છને આરોગ્યધામ બનાવ્યો છે એમાં પણ આપણા અબડાસા પર વિશેષ મહેર રાખી છે, એવું તારણ તાજેતરમાં બીબીસીએ કરેલા સર્વેક્ષણ પરથી જાણવા મળે છે. એ સર્વેક્ષણની સાખ પુરાવા તો મારો પ્રત્યક્ષ અનુભવ છે. મેં પોતે અને મારી સાથે બિદડા આવેલા કેટલાક જણ, વગર સારવારે બ્લડ પ્રેશરની તકલીફમાંથી મુક્ત થઇ ગયેલા.

ઘણાં લોકો, કચ્છના વતનીઓ માને છે કે કચ્છમાં રહો અને વા, ગુડાની તકલીફોમાંથી મુક્ત થઇ જાઓ. આજ વાત બીબીસીના સર્વેમાં પૂરવાર થઇ છે. બીબીસીના સર્વે અને વિજ્ઞાનીઓની નવી રીસર્ચમાં જાણવા મળ્યું છે કે કચ્છની જમીન, આબોહવા અને પાણી તમને ૧૦૦ વરસનું આયખું તો વગર દવાએ આપી શકે છે.

કચ્છની જમીનમાં ધરબાયેલા ખનિજ માનવ જીવનમાં નવી ઉમંગ નવો જોશ પૂરે છે. આમ કચ્છના હવા, પાણીની ગુણવતા વિશ્વના કોઇ પણ વિસ્તારમાં નથી.

કચ્છની આબોહવા અને તેની શુધ્ધતા કોઇપણ રોગને દૂર કરવામાં સમર્થ છે. કાંઇ નહીં તો સ્વાસ્થ્ય લાભમાં મદદ તો કરે જ છે. ગયા વરસે કચ્છમાં આવેલા વિદેશીઓનો આંકડો ખૂબ મોટો છે. અને આ વિદેશીઓ બે પાંચ દિવસ કચ્છના પ્રવાસ અને કલા વસ્તુઓ ખરીદવા નથી આવ્યા. કાયદેસર ચાર-છ મહિના રહી સ્વાસ્થ્ય લાભ લેવા માટે આવ્યા હતા. એ લોકો ક્યાંય ફરવા પણ નહોતા ગયા. માત્ર એક જગ્યાએ રહી, આરામ કરી સાજાનરવા થઇ પોતાના વતન પરત થયા હતા.

અભ્યાસ કરનારા વિજ્ઞાનીઓનો મત છે કે કચ્છમાં વરસે છ મહિના ગાળનાર વ્યક્તિની આયુ સહજ ૧૦૦ વરસની થઇ જાય. ખરે જ ! કચ્છની દેવી જન્મભૂમિ સ્વગર્થી પણ મહાન છે. (બીબીસી ન્યુઝ)

## બન્ની ભેંસ અને કાર

આપણા વડાપ્રધાન અનોખી ચીજો પ્રજા સમક્ષ મૂકવામાં પાવરધા છે. હાલમાં તેમણે બન્ની ભેંસ અને કારની સરખામણી રજુ કરી છે. તાજેતરમાં બન્ની જાતની એક ભેંસ લગભગ રૂા. પાંચ લાખમાં વેંચાઇ અને આટલી કીંમતમાં એક નાની કાર મળી જાય. નેનો જીવતી હોત તો ઓછામાં ઓછી ત્રણ નેનો કાર આવી જાત.

બન્ની જાતની ભેંસ દિવસે સરેરાશ ૧૫ લીટર દૂધ આપે છે આજના બજાર ભાવ પ્રમાણે ગણીએ તો એ દૂધની દૈનિક વેચાણ કીમત ઓછામાં ઓછી રૂા. ૬૦૦ થાય. અને વરસે સરેરાશ ઓછામાં ઓછા રૂા. બે લાખ થાય. બન્ની ભેંસની ખોરાક અને પાણીની જરૂરત અન્ય મુર્રા અને જાફરાબાદી ભેંસોની સરખામણીમાં ઓછી છે. સામાન્યપણે ભેંસની

કીંમત દોઢથી બે લાખ જેટલી ગણાય. આ પણ એક કરવા જેવા વ્યવસાય ખરો.

### ઘેટી-બકરી દૂધ ડેરી

ઊંટડીના દૂધની ડેરી કચ્છમાં શરૂ થઇ છે અને હવે બકરી-ઘેટીના દૂધની ડેરીની ચર્ચા હવામાં છે.

ગાંધી બાપુએ બકરીના દૂધને ખ્યાતી અપાવી પણ વાત એટલી જામી નહીં. જો કે ઘણા ગામડામાં આજે પણ બકરીના દૂધની ચા બને છે. નાના બાળકોને ગાયનું દૂધ ન પચતું હોય તો બકરીનું દૂધ અવેજીમાં પીવડાવાય છે. પણ મુખ્યત્વે એનું ચલણ પછાત ગણાતી કોમોમાં હોય છે.

બકરીનું દૂધ સુપાચ્ય, પ્રમાણમાં પાતળું અને ઉચ્ચ ગુણવત્તાનું ગણાય છે. કચ્છમાં લગભગ પાંચ લાખ જેટલી બકરીઓ છે. એમનું દૂધ મેળવી પનીર/ચીઝ, મિલ્ક પાવડર વગેરેમાં રૂપાંતર કરી વેચાણ કરવાની પ્રક્રિયા ચાલે છે. અમુક હદે નિકાસની વાતો પણ થઇ રહી છે. ગુજરાતની બકરીઓ મુખ્યત્વે કહોમી પ્રજાતિની છે.

સંગઠિત ક્ષેત્રની એક ડેરી બકરીનું દૂધ રૂા. ૩૫/- ના ભાવે ખરીદી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય માર્કેટમાં બકરીનું ફ્રોઝન દૂધ, પાવડર અને બકરીના દૂધનો સાબુ બનાવીને વેંચે છે. આ માટે જરૂરી દૂધ ઝાલાવાડ અને કચ્છમાંથી ખરીદી પ્રોસેસ કરાય છે. હાલ બકરી-ઘેટીના દૂધની અમેરિકા, સિંગાપોર તથા મીડલ ઇસ્ટમાં નોંધપાત્ર માગ છે. બકરીનું ફ્રોઝન દૂધ રૂા. ૪૦૦/-ના ભાવે તથા એનો પાવડર રૂા. ૧૨૦૦/- અને સાબુ રૂા. ૧૫૦/-ના દરે વેચાય છે.

### બોંતેર જિનાલય તીર્થે ગુરૂમંદિર શિલાન્યાસ



પાવનકારી બોંતેર જિનાલય તીર્થ ભૂમિમાં દિવંગત ગુરૂદેવ અચલગચ્છાધિપતિ જૈનાચાર્ય પ.પૂ. ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની પૂણ્યમય સમાધિ ભૂમિ સ્થળે આરસરત્ને નિર્માણ પામનાર ગુરૂમંદિર શિલાન્યાસ વિધિ સંપન્ન થઇ છે. ધર્મમય વાતાવરણમાં પ્રાતઃકાલથી જ ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિમાં જૈન શાસ્ત્રોક્ત વિધિ અનુષ્ઠાનપૂર્વક શિલા સ્થાપન સંપન્ન થયું.

આ પ્રસંગે શિવમસ્તુ તીર્થ પ્રણેતા પ.પૂ. મુનિવર પૂર્ણભદ્ર સાગરજી મ.સા., પ.પૂ. રાજરત્નસાગરજી મ.સા. અને મુનિગણ તથા શ્રમણી ગણની પાવન નિશ્રામાં અષ્ટપ્રકારી, વાસક્ષેપ પ્રદાન આદિ સહિત કાર્યક્રમ સંપન્ન થયો. આ અનમોલ પ્રસંગે પ.પૂ. સાધ્વીજી આગમ કિરણા શ્રી દીપકિરણા શ્રી રચિત જૈન ધર્મના કર્મ વિજ્ઞાન વિષયક ગ્રંથનું વિમોચન કરવામાં આવ્યું. ઉપરાંત, શત્રુંજય મહાતીર્થની ૯૯ યાત્રા બાબત કાંડાગરા સંઘ માતા નીતાબેન નાનાલાલ કેશવજી ગાલા પરિવારની ભાવના વ્યક્ત કરી હતી.

### ઘંટારવ કરતી શિલા

ખડીરના હડીભડાંગ દાદાના સ્થાનક પાસે આવેલી શિલાઓથી કોઇ વસ્તુ અથડાય તો ઘંટારવ જેવો અવાજ ઉત્પન્ન થાય છે. અહીં શિલા પર પગ મૂકતા પણ વિશિષ્ટ ધ્વનિ ઉત્પન્ન થાય છે. આ વિસ્તારમાં સિંધુ સંસ્કૃતિની નગરી કોટડા ટિંબો છે. આ ભૂ પ્રદેશમાં અનેક અશ્મિઓ, ખનિજ વગેરે ધરબાયેલા હોવાનું મનાય છે.

અહીં નોંધવું રહ્યું કે વિજયનગર સામ્રાજ્યના હંપીમાં સ્તંભો ને પણ અનેક વાદ્યોની જેમ વગાડી શકાય છે.

### અબડાસામાં મગફળીનો પાક

આ વરસે અબડાસામાં લગભગ એક લાખ એકરમાં વાવેતર થયું હતું. જો કે ત્રણેક મહીના સતત વરસાદના પરિણામે પાક ઓછો આવવાના અહેવાલ છે. નોન ઇરીગેટેડ - બિનપિયત વાવેતર નોંધ પાત્ર રહ્યું હતું પણ ઉતાર લગભગ ૩૫ થી ૮૦ ટકા હોવાનું કહેવાય છે.સુથરી, આરીખાણા, રાપર (ગઢ) વિસ્તારમાં ૬૦ થી ૬૫ ટકા, તેરા વિસ્તારના ગામોમાં ૫૦ થી ૬૦ ટકા, વારાપધ્ધર, ડુમરા, મંજલ જેવા ગામોમાં ૫૦ ટકાની રેંજમાં પાક થયો છે.



### શ્રી અરવિંદ લાલજી લોડાયા (શાહ)

અબડાસા તાલુકા ભાજપામાં મહામંત્રી તરીકે નિયુક્ત થયા તે બદ્દલ ખૂબ ખૂબ અભિનંદન. અગાઉ ભારતીય જનતા પાર્ટી કિસાન મોર્ચા અબડાસાના મહામંત્રી અને વારાપધરના ઉપસરપંચ પદે સેવા આપી ચુક્યા છે.

હાલમાં વારાપધર મહાજનના ટ્રસ્ટી, સમસ્ત મહાજનના ટ્રસ્ટી, અને કચ્છ એકમના ઉપપ્રમુખ પદે પોતાની સેવા આપી રહ્યા છે.

Exclusive Embroidery & Upto date Finishing
જ્યોતિ *Sachi Jari maate real nam*
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 83692 52836 Sunday Closed
Online Shopping via WhatsApp available. By appointment only.
Originally at Zaveri Bazar since 1976 Follow us on

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરૂં નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **પ્રફૂલ નારાણજી ગોવિંદજી મોમાયા (શાહ)**<br>(PS 6893) ગામ – સાંયરા | હાઉસ # 3567, વૉર્ડ # ૬, રોડે લે-આઉટ, ચિતોડા-પાંધણ રોડ,<br>બોરગાંવ મેઘે, ડીસ્ટ્રી-વર્ધા (MH) 442 001.<br>મો.: 098230 85393 / 070281 61369 |
| **દિલીપ પદમસી દેવજી લોડાયા**<br>(PS 2996) ગામ – મોટી ખાવડી | A-201, મોહિની દર્શન કો.હા.સો., મહાત્મા ફૂલે રોડ,<br>મરાઠા મંદીર સભાગૃહ પાસે, ડોંબીવલી (વેસ્ટ), (MH) 421 202.<br>મો.: 084240 29621 |
| **મહેન્દ્ર ખેતસી જેઠાભાઈ કુરૂવા**<br>(PS 5605) ગામ – ગોધરા | ફ્લેટ નં. 11, ત્રીજે માળે, કેડીઓ રેસીડન્સી અપાર્ટમેન્ટ,<br>મનોજ પેરેડાઈઝ લે-આઉટ, કૂસુગલ રોડ, સંસ્કાર સ્કૂલ પાસે,<br>હુબલી (KR) 580 023. મો.: 094822 35758 |
| **જગદીશ લધુભાઈ કરમશી લોડાયા**<br>(PS 5191) ગામ – મોટી ખાવડી | પ્રાજ, પ્લોટ નં. 83/1, નંદન પાર્ક સોસાયટી, સ્ટ્રીટ નં. ૨,<br>બાલાજી પાર્ક-૩, એર ફોર્સ-૧, ડીફેન્સ કોલોની પાછળ,<br>જામનગર (GJ) 361 006.<br>મો.: 099747 05957 / 097731 19893 |
| **પ્રસાંત રમેશચંદ્ર માણેકજી ખોના**<br>(PS 5020) ગામ – જખૌ | 106, પહેલે માળે, શ્યામ કોમ્પલેક્ષ, મીરા સોસાયટીની પાસે,<br>કિસાન વાડી રોડ, વડોદરા (GJ) 390 006.<br>મો.: 074349 08462 |
| **મધૂકર રાયચંદ ધનજી મોતા**<br>(PS 3007) ગામ – કોઠારા | 402, શ્રીજી રેસીડન્સી, વાલજી લધા રોડ, હિરામોંઘી હોસ્પિટલ પાસે,<br>મુલુંડ (વેસ્ટ), મુંબઈ – 400 080. મો.: 099674 34862 |
| **મનીષ લક્ષ્મીચંદ શામજી નાગડા (ભગાડ)**<br>(PS 5549) ગામ – નલીયા | ફ્લેટ નં. 13, ત્રીજે માળે, કેડીઓ રેસીડન્સી અપાર્ટમેન્ટ,<br>મનોજ પેરેડાઈઝ લે-આઉટ, ફેસ-૧, સંસ્કાર સ્કૂલની પાસે,<br>ઓફ કૂસુગુલ રોડ, હુબલી (KR) 580 023. મો.: 094830 24895 |
| **પ્રદીપ શાંતીલાલ નેણસી (શાહ) શિયાલ**<br>(PS 5565) ગામ – જખૌ | ફ્લેટ નં. 15, ત્રીજે માળે, કેડીઓ રેસીડન્સી અપાર્ટમેન્ટ,<br>મનોજ પેરેડાઈઝ લે-આઉટ, ફેસ-૧, સંસ્કાર સ્કૂલની પાસે,<br>ઓફ કૂસુગુલ રોડ, હુબલી (KR) 580 023. મો.: 099865 36101 |
| **શાંતીલાલ રામજી જેઠાભાઈ લાલકા**<br>(PS 5592) ગામ – વારાપધર | ફ્લેટ નં. 4, તળમજલા, કેડીઓ રેસીડન્સી અપાર્ટમેન્ટ,<br>મનોજ પેરેડાઈઝ લે-આઉટ, ફેસ-૧, સંસ્કાર સ્કૂલની પાસે,<br>ઓફ કૂસુગુલ રોડ, હુબલી (KR) 580 023. મો.: 092422 20803 |
| **મણીકાન્ત શીવજી નારાણજી મોતા**<br>(PS 7038) ગામ – સુથરી | પ્રોફેસર કોલોની, ચિત્રલેખા પેપર ઈન્ડસ્ટ્રીઝની પાસે,<br>જૂનો બાયપાસ રોડ, કારન્જા (MH) 444 105.<br>મો.: 093704 83548 |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૩-૧૧-૨૦ | ભાંડુપ | પ્રિન્સ, બાદલ નરેશ શામજી ખોના | સાંયરા | પુત્ર |
| ૧૯-૧૧-૨૦ | મુલુંડ | પ્રાંશ, તન્વી ભાવિન કિરણ ભેદા | વારાપધર | પુત્ર |
| ૨૭-૧૧-૨૦ | ડોંબીવલી | આર્યા, સોનલ યશ ટોકરશી ધુલ્લા | સાંધાણ | પુત્રી |

## જ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯-૧૧-૨૦ | ડોંબીવલી | મયંક કિર્તી ગોવિંદજી દંડ | નલીયા | ૨૭ |
| | અહમદનગર | ગુંજલ કિરણ નાગશી નાગડા | કોઠારા | ૨૫ |
| ૦૩-૧૨-૨૦ | ચાલીસગાવ | અંકિત કિશોર મણીલાલ ધુલ્લા | ભરૂડિયા | ૩૨ |
| | ઘાટકોપર | મિત્તલ રાજેન્દ્ર રાયચંદ ખોના | ધ્રાફા | ૨૪ |
| ૦૬-૧૨-૨૦ | ઔરંગાબાદ | ભાવિક પ્રદિપભાઇ જેઠાભાઇ મોમાયા | વરાડીયા | ૨૮ |
| | ખામગામ | નેહા ઉપેન્દ્રભાઇ ભવાનજી મોમાયા | જખૌ | ૨૫ |
| ૧૩-૧૨-૨૦ | ડોંબીવલી | જીગ્નેશ પરેશ ડુંગરશી લાપસીયા | દલતુંગી | ૨૯ |
| | જામનગર | દીશીતા ભરત નવીનચંદ્ર ખોના | ગોરખડી | ૧૮ |
| ૧૩-૧૨-૨૦ | વરાડિયા | ભાવિક પ્રદીપ જેઠાભાઇ મોમાયા | ઔરંગાબાદ | ૨૮ |
| | જખૌ | નેહા ઉપેન્દ્ર ભવાનજી મોમાયા | ખામગામ | ૨૫ |
| ૧૬-૧૨-૨૦ | ડોંબીવલી | નીરવ લક્ષ્મીચંદ વિસનજી નાગડા | રાપર ગઢવારી | ૨૬ |
| | ડોંબીવલી | માનસી નરેન્દ્ર મણીલાલ ધરમશી | નાની સિંધોડી | ૨૪ |

## આંતરજ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮-૧૦-૨૦ | કાંજૂરમાર્ગ | કેવલ અભય દામજી ધરમશી | જખૌ | ૨૭ |
| | કલ્યાણ | માનસી જયંત મધુકર ખાનઝોડે | ચંદ્રપુર | ૨૬ |
| ૨૬-૧૦-૨૦ | કોલકત્તા | સિધ્ધાંત જતિન હરસુખ શેઠ | માનકુઆ | ૨૫ |
| | કોલકત્તા | રીધ્ધિ જયંત કલ્યાણજી ધુલ્લા | સુથરી | ૨૫ |
| ૧૦-૧૨-૨૦ | મુલુંડ | મીત હરેશ માધવજી ગોરી | મોટી ભાડઇ | ૨૭ |
| | મુલુંડ | રૂચી રાજેન્દ્ર દામજી ધરમશી (પટેલ) | જખૌ | ૨૭ |
| ૧૦-૧૨-૨૦ | કોચીન | વિકાસ નવીનચંદ્ર કુંવરજી લોડાયા | આરીખાણા | ૪૨ |
| | શાહડ | આરતી મુકેશ ઓઝા | અહમદાબાદ | ૩૯ |
| ૧૨-૧૨-૨૦ | મીરા રોડ | શૈલેશ ગૌતમ નાગે | શ્રીવર્ધન | ૨૭ |
| | અંધેરી | વિરલ કિરીટ ભવાનજી મોમાયા | વરાડિયા | ૨૯ |
| ૧૬-૧૨-૨૦ | ડોંબીવલી | ઉર્મી તિલકચંદ ત્રિકમજી મૈશેરી | સાંધાણ | ૩૩ |
| | અંબરનાથ | અભિલેષ કૃષ્ણાન પી. | શોરનુર (કેરલા) | ૩૨ |

## જ્ઞાતિ સગપણ છુટા

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧-૧૨-૨૦ | ડોંબીવલી | અંકિત હીરાચંદ જીવરાજ મોતા | કુઆપધર | ૨૬ |
| | વાશી | ધ્વની ચંદ્રેશ સોમચંદ ડાઘા | વરાડિયા | ૨૩ |
| ૨૫-૦૨-૨૦ | મુલુંડ | ડેવીન હંસકુમાર દામજી મૈશેરી | લાલા | ૩૨ |
| | મસુર | સ્નેહા ખીરેશ ગોવિંદજી ધરમશી | છાદુરા | ૩૨ |

## લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૭-૧૧-૨૦ | ભાંડુપ | નીખીલ મહેન્દ્ર ઠાકરશી મોતા | રાપર | ૩૨ |
| | અમદાવાદ | આરતી લક્ષ્મીચંદ ભાણજી મૈશેરી | બાંડીયા | ૨૭ |
| ૩૦-૧૧-૨૦ | ડોંબીવલી | ભાવિન પંકજ હેમરાજ મોમાયા | વરાડીયા | ૨૮ |
| | ડોંબીવલી | અંકિતા ઉત્તમ વીરજી ડાઘા | દલતુંગી | ૨૮ |

## આંતરજ્ઞાતિ લગ્ન છુટા

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫-૦૯-૧૭ | મુલુંડ | પંક્તિ પ્રતાપ ધરમશી | સુથરી | ૩૫ |
| | મુલુંડ | સંતોષ પ્રેમસિંગ ઠાકુર | મુંબઇ | ૩૫ |

## મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૩૦-૧૧-૨૦ | અંધેરી | નયનાબેન હર્ષવર્ધન ત્રિકમજી નાગડા | નલીયા | ૭૧ |
| ૦૧-૧૨-૨૦ | થાણા | મુકેશ ગોવિંદજી દામજી મોમાયા | મોટી સિંધોડી | ૫૮ |
| ૦૨-૧૨-૨૦ | અમદાવાદ | દેકાબાઇ કેશવજી નેણસી મોતા | લાખણીયા | ૮૦ |
| ૦૩-૧૨-૨૦ | અમદાવાદ | જયચંદ માણેકજી કુંવરજી શિયાલ | જખૌ | ૭૮ |
| ૦૩-૧૨-૨૦ | કાંજુરમાર્ગ | ટોકરશી ગોવિંદજી માંયાભાઇ ખોના | સુથરી | ૬૫ |
| ૦૫-૧૨-૨૦ | કોલકત્તા | વિશનજી ધનજી પાશ્વીર મોતા (શાહ) | કુઆપધર | ૮૪ |
| ૦૫-૧૨-૨૦ | મુલુંડ | સુશીલાબેન ચાંપસી દામજી ધરમશી | સાંધાણ | ૭૦ |
| ૦૬-૧૨-૨૦ | મુલુંડ | લીલાવતી (માનબાઇ) લક્ષ્મીચંદ ચત્રભુજ છેડા | વારાપધર | ૮૮ |
| ૦૬-૧૨-૨૦ | રાજકોટ | નયનાબેન કાન્તીલાલ નાગશી લોડાયા | નાની ખાવડી | ૫૯ |
| ૦૭-૧૨-૨૦ | મુલુંડ | નલીનીબેન ચંદ્રકાન્ત શામજી નાગડા (ચાચાવાલા) | જખૌ | ૬૪ |
| ૦૭-૧૨-૨૦ | યવતમાલ | દિનેશ લક્ષ્મીચંદ કાનજી લોડાયા | નલીયા | ૭૫ |
| ૦૭-૧૨-૨૦ | મુલુંડ | તારાબેન કલ્યાણજી શાહ (મારૂ) | બીદડા | ૮૦ |
| | | (નલીયા/હુબલીના દેવકાબેન ડુંગરશી માણેકજી પટેલના પુત્રી) | | |
| ૦૮-૧૨-૨૦ | વડાલા | વિશાલ દિનેશ લખમશી લુઠીયા | રાયધણજર | ૪૪ |
| ૦૮-૧૨-૨૦ | વડોદરા | મંજૂલા નારાણજી પદમશી દંડ | લાલા | ૮૫ |
| ૦૯-૧૨-૨૦ | ભાંડુપ | હેમલતા લહેરચંદ મેઘજી મોતા | નલીયા | ૭૨ |
| ૧૦-૧૨-૨૦ | ભાંડુપ | લક્ષ્મીબાઇ ચંદ્રકાન્ત વાલજી દંડ | લાલા | ૭૪ |
| ૧૨-૧૨-૨૦ | ડોંબીવલી | ભાવેન મહેન્દ્ર ખેતસી મુનવર | જખૌ | ૩૭ |
| ૧૨-૧૨-૨૦ | રાજકોટ | કૌશીક ત્રિકમલાલ પરીખ (લીલાવંતી ગોવિંદજી નાગડાના જમાઇ) | | ૬૨ |
| ૧૨-૧૨-૨૦ | કોઠારા | હિરબાઈ મુલજી દેવજી લોડાયા | કોઠારા | ૭૯ |
| ૧૩-૧૨-૨૦ | દેવલાલી | લક્ષ્મીબેન ગુલાબચંદ પુનશી મોમાયા | સાંયરા | ૭૭ |
| ૧૩-૧૨-૨૦ | હૈદ્રાબાદ | સુશીલાબેન (શીલાબેન) હિરાચંદ જેતસી ધુલ્લા | દલતુંગી | ૬૭ |
| ૧૫-૧૨-૨૦ | હુબલી | પ્રવીણા હિરાચંદ શામજી મૈશેરી | વારાપધર | ૬૩ |
| ૧૬-૧૨-૨૦ | મુલુંડ | રમાબેન લાલજી નરપાર લોડાયા | મોટી સિંધોડી | ૮૨ |
| ૧૬-૧૨-૨૦ | કોઠારા | રતીલાલ ચત્રભુજ શામજી નાગડા | કોઠારા | ૭૬ |
| ૧૬-૧૨-૨૦ | ઇંદોર | મુલચંદ નારાણજી કાનજી છેડા | સુજાપૂર | ૮૩ |

## શ્રી અજિતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ, દલતુંગી

દલતુંગી તીર્થે શ્રી અજિતનાથ દાદાની છત્ર છાયામાં મહાજનવાડીનું નિર્માણ થયેલ છે. રહેવાની, જમવાની ઉત્તમ સગવડ છે. સૌ ગામવાસી, જ્ઞાતિભાઇઓ, સગાસંબંધી, મિત્રગણ પધારી લાભ લેશો.

તા. ૯-૧૨-૨૦૨૦ના અ.સૌ. પ્રગ્નાબેન તથા જીગ્નેશ વનરાજ માલદેની ૧૦ મી લગ્નતીથી નીમીત્તે માતુશ્રી સોનબાઇ દામજી લખમશી માલદે પરિવાર તરફથી સાધર્મિક ભક્તિનો લાભ લીધેલ. જેમાં લગભગ ૭૦ ગામવાસી ભાઇ-બહેનોએ લાભ લીધેલ. પધારેલ આ પ્રસંગે માતુશ્રી સોનબાઇ દામજી માલદે પરિવાર તરફથી સાધારણ ખાતામાં રૂા. ૧૧૦૦૦/-નું યોગદાન મળેલ છે. શ્રીમતી મીનાબેન નરેન્દ્ર દંડ, દલતુંગી તરફતી મહાજનવાડીને ભેટ રૂપે ૧૨ (બાર) ખુરશી મળેલ છે. પરિવારમાં જન્મદિવસ, લગ્નતીથી, વડિલની પૂણ્યતીથી વગેરે હોય તો જરૂરથી સાધારણ ખાતામાં યથાશક્તિ લાભ લઇએ.



# ભાવભરી શ્રધ્ધાંજલિ

## સ્વ. સૌ. નલિનીબેન ચંદ્રકાંત નાગડા

(ઉ.વ. ૬૪)

ગામ : જખૌ, હાલ : મુલુંડ



જન્મ : તા. ૦૪/૦૩/૧૯૫૬

સ્વર્ગવાસ : તા. ૦૭/૧૨/૨૦૨૦

એક પંખી આવીને ઉડી ગયું,
એક વાત સરસ સમજાવી ગયું.
તું જ છે ઘરની લક્ષ્મી, તું જ છે ઘરની રાણી,
સુના લાગે તુજ વિણ અમ ઘરનાં દ્વાર.
ચંદન જેવું જીવન જીવીને સુખ સહુને આપી ગયા,
ખુદ ઘસાઇ અમ કાજે સુવાસ થઇ પ્રસરી ગયા.

**-: શોકાતુર :-**

**શા. ચંદ્રકાંત શામજી આણંદજી નાગડા** (જખૌ-મુલુંડ)

સાસુ-સસરા : **માતુશ્રી મીઠીબાઇ શામજી આણંદજી નાગડા પરિવાર તથા દીકરીઓ અને જમાઇઓ**

માતા-પિતા : **માતુશ્રી વિમલાબાઇ લક્ષ્મીચંદ પદમશી પોલડીયા પરિવાર** (ગોએરસમા-જલગાંવ) **તથા દીકરીઓ અને જમાઇઓ**

પુત્ર-પુત્રવધુ : **અ.સૌ. જાગૃતિ અમિત ચંદ્રકાંત નાગડા**
**અ.સૌ. સ્મીતા પરેશ ચંદ્રકાંત નાગડા**

પૌત્રીઓ : **માહિકા અમીત નાગડા, કનક પરેશ નાગડા**

વેવાણ-વેવાઇ : **માતુશ્રી કુસુમબેન અનિલભાઇ દેવશી ડાઘા પરિવાર** (વરાડીયા-કોઇમ્બતુર)
**માતુશ્રી ખમાબેન નીતીનભાઇ લક્ષ્મીચંદ લોડાયા (જૈન) પરિવાર** (મંજલ રેલડીયા-મુલુંડ)

**તથા સમસ્ત ચાચાવાળા પરિવાર, જખૌ**

CDO Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Date of Publication every month 5th & 20th
Postal Regd. No. MCS/217/2018-2020 WPP Licence No. MR/Tech/WPP-352/South/2018-20
Posting : 8/9 & 23/24 of Every Month Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# પાવન ચરણને અમારી સ્મરણ વંદના



જન્મ :
તા. ૧૪/૨/૧૯૫૦

અરિહંત શરણ :
તા. ૨/૧૨/૨૦૧૮

## માતુશ્રી વાસંતીબેન અનિલકુમાર હીરજી કુરૂવા

આપનો માયાળુ સ્વભાવ, કુટુંબ પ્રત્યેની લાગણી,
હંમેશા અમારા સૌના હૃદયમાં ચિરંજીવ રહેશે, આપના ઉચ્ચ વિચારો,
આપની દીર્ઘદષ્ટિ, હંમેશા અમારા સ્મરણમાં અમર બની રહેશે,
આપની ધર્મપરાયણતા, અને સામાજિક નિષ્ઠા,
હમેશા અમારા માર્ગદર્શક અને પ્રેરણા બની રહેશે.

આપનો દિવ્ય આત્મા પરમ શાંતિ સાથે શીઘ્ર મોક્ષગતીને પ્રાપ્ત કરે એજ પ્રભુને અભ્યર્થના...

**આપના ઋણી પરિવારજનો**

પતિ : **અનિલકુમાર હીરજી કુરૂવા**

પુત્ર-પુત્રવધૂ : **રશ્મિ વિકાસ કુરૂવા**
દીકરી-જમાઈ : **પ્રીતિ કેકીન દંડ**

પૌત્ર : **વિસ્મય, વિયાન**
દોહિત્રી : **કોશા, રિયા**

**તથા સર્વે સગાસંબંધી, મિત્રો અને સ્નેહીજનો.....**

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA**
**C/o. Madhu Entertainment & Media Ltd.,**
A/704, Remi Bizcourt, Plot No. 9, Shah Indl. Estate,
Off Veera Desai Road, Andheri (W), Mumbai-400 053.

To,

Printed, Published & Edited by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS**, 314, Mathuradas Mill Compound, N.M. Joshi Marg, Lower Parel, Mumbai - 400 013. and Published from 13A, 29/41, Tamarind Lane, Rajabahadur Compound, Fort, Mumbai - 400 001.